Tuesday
24.11.2026
✳Volume :11 ✳ Issue No.143
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

KAMALAM

RNI No.:GUJGUJ/2016/73451

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

NDRF ૧૨મી બટાલિયન કેમ્પસ કુદરતી આફતોનો સામનો કરવામાં માત્ર અરુણાચલ પ્રદેશ અને ઉત્તર-પૂર્વ જ નહીં પરંતુ નજીકના અનેક વિસ્તારોને પણ સેવા પૂરી પાડશે

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે ઈટાનગરમાં NDRFની ૧૨મી બટાલિયન કેમ્પસનું ઉદ્ઘાટન કર્યું

NDRF ટૂંક સમયમાં વિશ્વની આવી તમામ એજન્સીઓમાં અગ્રણી આપત્તિ પ્રતિભાવ દળ તરીકે ઉભરી આવશે

કમલમ્,

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે અરુણાચલ પ્રદેશની રાજધાની ઈટાનગરમાં નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF) ની ૧૨મી બટાલિયનના કેમ્પસનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી શ્રી પેમા ખાંડુ, કેન્દ્રીય મંત્રી શ્રી કિરેન રિજિજુ, અરુણાચલ પ્રદેશના નાયબ મુખ્યમંત્રી શ્રી ચોના મેઈન, કેન્દ્રીય ગૃહ સચિવ શ્રી ગોવિંદ મોહન, ઈન્ટેલિજન્સ બ્યુરો (IB) ના ડિરેક્ટર ડૉ. મહેશ દીક્ષિત, NDRF ના મહાનિદેશક શ્રી પિયૂષ આનંદ અને અન્ય અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે કહ્યું કે અહીં નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF) ની ૧૨મી બટાલિયનનું સત્તાવાર ઉદ્ઘાટન થઈ રહ્યું છે. અરુણાચલ પ્રદેશ અને સમગ્ર ઉત્તર-પૂર્વ કુદરતી આફતો પ્રત્યે સૌથી વધુ સંવેદનશીલ પ્રદેશોમાં સામેલ છે. આ કેમ્પસની તમામ ઈમારતો ભૂકંપ-પ્રતિરોધક ધોરણો અનુસાર બનાવવામાં આવી છે. કુદરતી આફતો સામે સંરક્ષણની પ્રથમ હરોળ અમારી ૧૨મી બટાલિયનની સુવિધાઓથી શરૂ થાય છે. આ કેમ્પસ માત્ર અરુણાચલ પ્રદેશ અને સમગ્ર ઉત્તર-પૂર્વ જ નહીં પરંતુ નજીકના અનેક પ્રદેશો માટે પણ આપત્તિ-પ્રતિભાવ કેન્દ્ર તરીકે સેવા આપશે. તમામ આઠ ઉત્તર-પૂર્વીય રાજ્યોની સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (SDRFs) માટેની તાલીમ પણ અહીં હાથ ધરવામાં આવશે. શ્રી અમિત શાહે કહ્યું કે જવાનોની તાલીમ માટે અહીં એક ઓલિમ્પિક-સાઇઝ સ્વિમિંગ પૂલ અને એક ડાઈવિંગ ટેક પણ બનાવવામાં આવ્યો છે. આ ઓલિમ્પિક-સાઇઝ પૂલ ઇટાનગર અને સમગ્ર અરુણાચલ પ્રદેશના તમામ સ્વિમિંગ એથ્લેટ્સ માટે વિનામૂલ્યે ખોલવામાં આવશે. તેમણે કહ્યું કે જો ઉત્તર-પૂર્વનો કોઈ તરવૈયા ૨૦૩૬ ઓલિમ્પિકમાં મેડલ જીતશે, તો તે સિદ્ધિ તરફની સફર આ જ પૂલથી શરૂ થશે, કારણ કે ઉત્તર-પૂર્વના એથ્લેટ્સ રમત ગમતમાં મેડલ જીતવામાં સતત મોખરે રહ્યા છે. ગૃહ મંત્રાલયે ૨૦૧૮ થી ૨૦૨૬ ના સમયગાળા દરમિયાન ૮ કરોડથી વધુ વૃક્ષો વાવવા અને તેનું જતન કરવાનો પોતાનો લક્ષ્યાંક સફળતાપૂર્વક હાંસલ કર્યો છે. શ્રી અમિત શાહે કહ્યું કે દરેક સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (CAPF) અને NDRF વૃક્ષારોપણ અભિયાનમાં સક્રિયપણે જોડાયેલા છે. આ ૮ કરોડ વૃક્ષો ચોક્કસપણે પ્રકૃતિની સેવા કરશે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે જે વર્ષે આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ અમલમાં આવ્યો તે જ વર્ષે NDRF ની રચના કરવામાં આવી હતી. જોકે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશના સમગ્ર આપત્તિ વ્યવસ્થાપન માળખામાં એક પાયાનું પરિવર્તન શરૂ થયું અગાઉ, આફતો પ્રત્યે દેશનો અભિગમ મુખ્યત્વે રાહત-લક્ષી અને પ્રતિક્રિયાશીલ હતો. આપત્તિ ત્રાટકવા પછી જ સરકારો અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચતી હતી અને વિનાશ પછીપુનઃનિર્માણ અને સમારકામના કામમાં જોડાતી હતી. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, દેશ પૂર્વ ચેતવણી પ્રણાલીઓ, નિવારણ, શમન, સજ્જતા, આપત્તિ જોખમ ઘટાડા અને શૂન્ય જાનહાનિના અભિગમ તરફ આગળ વધ્યો છે. અમે હવે નિષ્ક્રિય રહેતા નથી. પૂર્વચેતવણી પ્રણાલીદ્વારા એલર્ટ મળતાની સાથે જ, NDRF અને SDRF ના જવાનો તાત્કાલિક લોકોની મદદ માટે પહોંચી જાય છે અને આપત્તિ સ્થળ પર અસરકારક બચાવ અને રાહત કામગીરી હાથ ધરે છે. આપત્તિ ત્રાટકે તે પહેલાં જ, માત્ર નાગરિકો જ નહીં પરંતુ તેમના પશુધનને પણ તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવે છે. શ્રી અમિત શાહે કહ્યું કે ૨૦૧૪ અને ૨૦૨૬ ની વચ્ચે, NDRF, SDRF અને તમામ રાજ્યોના સંકલિત પ્રયાસોએ લાખો નાગરિકોના જીવ બચાવવામાં મદદ કરી છે. એક વ્યાપક પ્રણાલી વિકસાવવામાં આવી છે જેમાં માત્ર NDRF અને SDRF ના જવાનો જ નહીં, પરંતુ ગામડાઓમાં કામ કરતા પટવારીઓથી લઈને NCC કેડેટ્સ, સ્કાઉટ બાળકો અને અનેપાદા મિત્રો સુધી દરેક વ્યક્તિ આપત્તિ ત્રાટકે તે પહેલાં જ લોકોની મદદ કરવા માટે તૈયાર રહેશે. આનાથી બચાવ અને રાહત કામગીરીમાં મહત્વપૂર્ણ ટેકો મળે છે. સંસ્થાકીય સજ્જતાના અભાવે કોઈ પણ આપત્તિને અટકાવી શકાતી નથી, કે તેની અસરને અસરકારક રીતે ઘટાડી શકાતી નથી. ૨૦૧૪ થી, ભારત સરકારે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (NDMA), NDRF, SDRF, ગૃહ મંત્રાલય અને રાજ્ય તંત્રને છેક પંચાયતી સ્તર સુધી એકસાથે લાવીને એક મજબૂત અને સંકલિત પ્રણાલી સ્થાપિત કરી છે. આ પ્રણાલી નીતિઓ પર વ્યાપક વિચાર-વિમર્શ, ગૃહ મંત્રાલય દ્વારા તેની રચના અને NDRF, SDRF તથા રાજ્ય તંત્ર દ્વારા તેનું અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કરે છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે કહ્યું કે NDMA એ વિવિધ પ્રકારની આફતોનો સામનો કરવા માટે પ્રતિભાવ પ્રોટોકોલ અને SOP તૈયાર કર્યા છે અને તે ગુજરાતને પૂરા પાડ્યા છે. ૨૦૧૪ અને ૨૦૨૬ ની વચ્ચે, NDRF ની ક્રમગીરીની પહોંચ અને તેનાતીનીમાં પણ નોંધપાત્ર વિસ્તાર થયો છે. આજે, NDRF દેશભરમાં ૭૦ થી વધુ સ્થળોએ તૈનાત છે. પૂરગ્રસ્ત વિસ્તારોમાં, પૂર આવે તે પહેલાં જ NDRF ની ટીમો સ્થળો પર પહોંચી જાય છે. વિજ્ઞાન અને ટેકનોલોજીમાં પ્રગતિ સાથે, ચક્રવાતની પૂર્વ ચેતવણીઓ, જે અગાઉ ૨૪ થી ૪૮ કલાક અગાઉ ઉપલબ્ધ હતી, તે હવે સાત દિવસ અગાઉ જારી કરી શકાય છે. ચક્રવાત-પ્રભાવિત વિસ્તારોમાંથી તમામ નાગરિકોને સુરક્ષિત રીતે બહાર કઢાવવામાં આવે છે. છેલ્લા પાંચ વર્ષોમાં, આ અસરકારક પ્રણાલીએ અનેકચક્રવાત દરમિયાન જાનમાલ નુકસાન કરવામાં મદદ કરી છે. શ્રી અમિત શાહે કહ્યું કે તાજેતરના વર્ષોમાં અનેક ચક્રવાત દરમિયાન, એક પણ જીવ ગુમાવ્યો નથી. આ અમારી આગોતરી સજ્જતાનું સીધું પરિણામ છે. NDRF એ અત્યાર સુધીમાં ૧૧,૦૦૦ થી વધુ કામગીરી હાથ ધરી છે અને ૧.૬૧ લાખથી વધુ લોકોના જીવ બચાવ્યા છે.

NDRF એ માત્ર ભારતમાં જ બચાવ કામગીરી હાથ ધરી નથી પરંતુ જાપાન, નેપાળ, તુર્કીયે અને શ્રીલંકા સહિતના અનેક દેશોમાં પણ પોતાની સેવા આપી વિસ્તારી છે, જેનાથી NDRF અને તિરંગાને સન્માન મળ્યું છે. અગાઉ, જ્યારે પણ ભારતમાં કોઈ આપત્તિ આવતી હતી, ત્યારે વિશ્વભરની આપત્તિ પ્રતિભાવ એજન્સીઓ દેશને મદદ કરવા આગળ આવતી હતી. આજે, જ્યારે પણ વિશ્વમાં ક્યાંય પણ આપત્તિ આવે છે, ત્યારે અમારી NDRF ગર્વથી ભારતનું પ્રતિનિધિત્વ કરે છે અને જીવ બચાવવા માટે અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચે છે. આ ભારત સરકારની એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે. ગૃહ મંત્રાલયે NDRF સંબંધિત ત્રણ મુખ્ય ક્ષેત્રો પર વિશેષ ધ્યાન આપ્યું છે: વિસ્તરણ, સંસાધનો અને તાલીમ. સંસાધનો અને અર્થ માત્ર બજેટરી ફાળવણી નથી; મંત્રાલયે આધુનિક ઉપકરણોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. વર્ષ ૨૦૨૬ ને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ માટે ક્ષમતા નિર્માણ વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું છે. શ્રી અમિત શાહે કહ્યું કે ટૂંક સમયમાં NDRF વિશ્વની આવી તમામ એજન્સીઓમાં અગ્રણી આપત્તિ પ્રતિભાવ દળ તરીકે ઉભરી આવશે. ઉત્તર-પૂર્વ ભારત આપણા દેશનો અત્યંત મહત્વપૂર્ણ ભાગ છે. તે અનેક દેશો સાથે સરહદો ધરાવે છે અને ઘણી મહત્વપૂર્ણ રાષ્ટ્રીય પહેલોમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. આજે, અરુણાચલ પ્રદેશના સરહદી વિસ્તારમાં ઈટાનગર નજીક NDRF બટાલિયનની સ્થાપના કરવામાં આવી છે. અમારા NDRF નાજવાનો તેમની વીરતા, દયાળીનેઅને સકારાત્મક પરિણામો સુનિશ્ચિત કરીને સમગ્ર ઉત્તર-પૂર્વને આફતોથી બચાવવા માટે સક્ષમ બનશે. કેન્દ્ર સરકાર સમગ્ર ઉત્તર-પૂર્વીય પ્રદેશને શક્ય તમામ સહાય પૂરી પાડશે, અને પ્રદેશના હજારો અને લાખો લોકોના જીવ બચાવવા માટે સમગ્ર વર્ષ દરમિયાન ચોવીસ કલાક કામગીરી હાથ ધરવામાં આવશે.

દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં રાજ્યની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર ભાજપાનો નૂતનવર્ષ સ્નેહમિલન સમારોહ યોજાયો

ગુજરાતના વિકાસની ૨૫ વર્ષની યાત્રા એ ભાજપા કાર્યકર્તાઓના પરિશ્રમ, ત્યાગ, તપસ્યા અને જનસેવાના સંકલ્પનું પરિણામ છે -પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી






કમલમ્,

ગુજરાતની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર ભાજપા દ્વારા આયોજિત નૂતનવર્ષ સ્નેહમિલન સમારોહમાં દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાઈ ઉપસ્થિત સૌને દિવાળી અને નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે સંબોધન કરતાં પ્રધાનમંત્રી શ્રીએ જણાવ્યું હતું કે, દિવાળી બાદ નૂતન વર્ષ નિમિત્તે સૌ સાથે આત્મીયતાપૂર્વક મળીને શુભેચ્છાઓની આપ-લે કરવાની અને સામૂહિક સંકલ્પ કરવાનું ગુજરાત ભાજપાના વર્ષો જૂનો સંસ્કાર છે. આ વર્ષની દિવાળી તેમના માટે વિશેષ મહત્ત્વ ધરાવે છે, કારણ કે ગુજરાતની જનતાએ તેમને સેવા કરવાનો અવસર આપ્યો તેના ૨૫ વર્ષ પૂર્ણ થયાં છે. આ ૨૫ વર્ષની જાહેર જીવનની યાત્રામાં ગુજરાતના કાર્યકર્તાઓનો અવિરત સાથ, જોમ, જુસ્સો, ત્યાગ અને તપસ્યા ન હોત તો જનતાની આટલી વ્યાપક સેવા શક્ય બની ન હોત. આથી તેમણે ગુજરાતના તમામ કાર્યકર્તાઓ ના યોગદાન પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે કાર્યકર્તાઓના પરિશ્રમને કારણે જ ગુજરાત અને દેશની સેવા કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૧ ના વિનાશક ભૂકંપ બાદ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે જવાબદારી સંભાળ્યા પછીની પ્રથમ દિવાળીના પ્રસંગને યાદ કરતાં જણાવ્યું હતું કે, તે સમયે ભૂકંપગ્રસ્ત પરિવારોની વેદનામાં સહભાગી થવા માટે તમામ મંત્રીઓએ સાથે મળીને દિવાળી નહીં ઉજવવાનો અને ભૂકંપથી અસરગ્રસ્ત ગામોમાં જઈ સ્વજનો ગુમાવનારા પરિવારોને મળવાનો નિર્ણય કર્યો હતો. તે અનુભવથી તેમનો વિશ્વાસ વધુ દૃઢ થયો કે તહેવારોની સાચી ખુશી બીજાના જીવનમાં આશાનો દીપ પ્રગટાવવામાં છે. આ જ ગુજરાતની તાકાત છે, જેણે વિનાશકારી ભૂકંપના પડકારને પાછળ રાખીને કચ્છને આશા, વિકાસ અને નવસર્જનનું કેન્દ્ર બનાવ્યું. એક સમયે વેપાર માટે ઓળખાતું ગુજરાત આજે ખેતી, ઉદ્યોગ, ડેરી, સેમિકન્ડક્ટર, પેટ્રોકેમિકલ, આંતરમાળખાકીય અને ગ્રીન એનર્જી સહિત અનેક ક્ષેત્રોમાં પ્રગતિ કરી રહ્યું છે. ગુજરાતના વિકાસથી રાષ્ટ્રના વિકાસનો મંત્ર આજે સાકાર થઈ રહ્યો છે. દેશના આર્થિક વિકાસમાં ગુજરાતે નોંધપાત્ર યોગદાન આપ્યું છે અને અન્ય રાજ્યો પણ વિકાસની આ યાત્રામાં આગળ વધી રહ્યાં છે. ભાજપાના કાર્યકર્તાઓની ભૂમિકા અંગે પ્રધાનમંત્રીશ્રી મોદીજીએ જણાવ્યું હતું કે, ગુજરાતના કાયાકલ્પમાં ભાજપાના અર્યકર્તાઓનું યોગદાન અત્યંત મહત્ત્વપૂર્ણ રહ્યું છે. ભાજપાના કાર્યકર્તાઓ ના સંસ્કારોમાં હંમેશા સેવા સર્વોપરી રહી છે. કાર્યકર્તાઓની પેઢીઓ બદલાઈ છે, પરંતુ પક્ષે આપેલા સંસ્કાર, દિશા અને શિક્ષણ પેઢીદર પેઢી આગળ વધ્યાં છે. જ્યારે પક્ષ પાસે સત્તા કે સંસાધનો ન્હોતાં ત્યારે પણ કાર્યકર્તાઓએ સેવાભાવથી કામ કર્યું હતું અને સત્તા દૂર હતી ત્યારે પણ સેવા માર્ગ છોડ્યો નહોતો. વર્ષ ૨૦૦૧ની આસપાસના કપરા સમયમાં ગુજરાતે દુષ્કાળ, અનેક પડકારો અને લોકોની હિજરત જેવી પરિસ્થિતિઓનો સામનો કર્યો હતો. તે સમયે ભાજપાના કાર્યકર્તાઓ ઘરે-ઘરે જઈ સુખની એ ક્ષિત કરતા અને ગરીબ પરિવારો સુધી પહોંચાડતા હતા. ગુજરાતે જનભાગીદારીની શક્તિની અનેક સંકટોનો સામનો કરી વિકાસની નવી દિશા પ્રાપ્ત કરી છે. એક સમયે દસ વર્ષમાં થી સાત વર્ષ દુષ્કાળના પડકારને પાછળ રાખીને કચ્છને આશા, વિકાસ અને નવસર્જનનું કેન્દ્ર બનાવ્યું. એક સમયે વેપાર માટે ઓળખાતું ગુજરાત આજે ખેતી, ઉદ્યોગ, ડેરી, સેમિકન્ડક્ટર, પેટ્રોકેમિકલ, આંતરમાળખાકીય અને ગ્રીન એનર્જી સહિત અનેક ક્ષેત્રોમાં પ્રગતિ કરી રહ્યું છે. ગુજરાતના વિકાસથી રાષ્ટ્રના વિકાસનો મંત્ર આજે સાકાર થઈ રહ્યો છે. દેશના આર્થિક વિકાસમાં ગુજરાતે નોંધપાત્ર યોગદાન આપ્યું છે અને અન્ય રાજ્યો પણ વિકાસની આ યાત્રામાં આગળ વધી રહ્યાં છે. ભાજપાના કાર્યકર્તાઓની ભૂમિકા અંગે પ્રધાનમંત્રીશ્રી મોદીજીએ જણાવ્યું હતું કે, ગુજરાતના કાયાકલ્પમાં ભાજપાના અર્યકર્તાઓનું યોગદાન અત્યંત મહત્ત્વપૂર્ણ રહ્યું છે. ભાજપાના કાર્યકર્તાઓ ના સંસ્કારોમાં હંમેશા સેવા સર્વોપરી રહી છે. કાર્યકર્તાઓની પેઢીઓ બદલાઈ છે, પરંતુ પક્ષે આપેલા સંસ્કાર, દિશા અને શિક્ષણ પેઢીદર પેઢી આગળ વધ્યાં છે. જ્યારે પક્ષ પાસે સત્તા કે સંસાધનો ન્હોતાં ત્યારે પણ કાર્યકર્તાઓએ સેવાભાવથી કામ કર્યું હતું અને સત્તા દૂર હતી ત્યારે પણ સેવા માર્ગ છોડ્યો નહોતો. વર્ષ ૨૦૦૧ની આસપાસના કપરા સમયમાં ગુજરાતે દુષ્કાળ, અનેક પડકારો અને લોકોની હિજરત જેવી પરિસ્થિતિઓનો સામનો કર્યો હતો. તે સમયે ભાજપાના કાર્યકર્તાઓ ઘરે-ઘરે જઈ સુખની એ ક્ષિત કરતા અને ગરીબ પરિવારો સુધી પહોંચાડતા હતા. ગુજરાતે જનભાગીદારીની શક્તિની અનેક સંકટોનો સામનો કર્યો, ત્યારે આટલી મોટી સંખ્યામાં લોકોને ગરીબીમાંથી બહાર લાવવાની સિદ્ધિ દેશના દરેક નાગરિક માટે ગૌરવ અને સંતોષનો વિષય છે. આ સફળતા પાછળ સરકારની સ્પષ્ટ નિયત, યોગ્ય નીતિ, સાચી દિશા અને સતત પરિશ્રમ રહેલાં છે. વિકસિત ભારતના સંકલ્પનો ઉલ્લેખ કરતાં પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વિકસિત ભારત માત્ર એકવિચાર કે વાત નથી, પરંતુ તેના માટે સ્પષ્ટ વિઝન, આયોજન અને રોડમેપ તૈયાર છે. વિકસિત ભારતના નિર્માણમાં વિકસિત ગુજરાતે મોટી હરફાળ ભરવાની છે. ગુજરાતની જનતાનો વિશ્વાસ વધુ મજબૂત બનાવવા નો છે અને વિકસિત ભારતના નિર્માણમાં સૌથી મોટું યોગદાન આપનાર રાજ્ય તરીકે ગુજરાતને આગળ લઈ જવાનું છે. તેમને વિશ્વાસ છે કે છેલ્લા ૨૫ વર્ષમાં ગુજરાતે જે વિકાસ કર્યો છે તેના કર્તાપણ વધુપ્રગતિ આગામી ૨૦ વર્ષમાં કરશે. અંતમાં પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જ્યારે તેઓ ગુજરાતના કાર્યકર્તાઓને યાદ કરે છે ત્યારે તેમનામાં નવી ઊર્જા, ઉમંગ અને ઉત્સાહનો સંચાર થાય છે. કાર્યકર્તાઓનો અવિરત પરિશ્રમ, સમર્પણ અને સેવાભાવ જ ગુજરાતની વિકાસયાત્રાની સાચી મૂડી છે. રાજ્યવ્યાપી સ્નેહ મિલન કાર્યક્રમ અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઘાટલોડિયા વિધાનસભા, ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા નિકોલ વિધાનસભાતથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ ભાઈ સંઘવી મજુરા વિધાનસભા ખાતે ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પ્રસંગે તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર આયોજિત નૂતનવર્ષ સ્નેમિલનમાં ઉપસ્થિત સૌને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, જનસેવાથી રાષ્ટ્રસેવા અને રાષ્ટ્રસેવા સર્વોપરી એ ભાજપાનું લક્ષ્ય છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે વિશ્વમંચ પર નવી ઓળખ અને આત્મવિશ્વાસ મેળવ્યો છે, તેમના માર્ગદર્શન હેઠળ ગુજરાત ૨૫ વર્ષથી વધુ સમયથી વિકાસનું રોલમોડેલ બન્યું છે. ચિપથી શિપ અને સેમિકન્ડક્ટર જેવા આધુનિક ટેકનોલોજી ક્ષેત્રોમાં ગુજરાત નવી દિશા આપી રહ્યું છે. નમો લક્ષ્મી, નમો સરસ્વતી અને વનબંધુ કલ્યાણ જેવી યોજનાઓ થી શિક્ષણ, જનજાતીય વિકાસ અને મહિલા સશક્તિકરણને વેગ મળ્યો છે. ગુજરાતની ૧૧ લાખથી વધુ બહેનો લખપતિ દીદી બની છે. તેમણે જણાવ્યું કે, સંગઠનની સાચી તાકાત સમર્પિત કાર્યકર્તાઓ માં છે. ભાજપાનું લક્ષ્ય માત્ર ચૂંટણી જીતવાનું નહીં, પરંતુ વિકાસની રાજનીતિ દ્વારા જનતાનાં હૃદય જીતવાનું છે. ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા નિકોલ

તંત્રી સ્થાનેથી.....

કાશી તમિલ સંગમમ ૫.૦ ના પૂર્વાભ્યાસરૂપે એક ફોટોગ્રાફી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. બનારસ હિન્દુ યુનિવર્સિટી (BHU) ના વિદ્યાર્થીઓએ હરિશ્ચંદ્ર ઘાટ નજીક આવેલા ઐતિહાસિક કામકોટીશ્વર મંદિરની મુલાકાત લીધી હતી અને મંદિરની વિશિષ્ટ સ્થાપત્ય લાક્ષણિકતાઓ અને ઝીણી વિગતોને કેમેરામાં કેદ કરી હતી, તેમજ તેના ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વ વિશે ઊંડી સમજ મેળવી હતી. કાંચી કામકોટી પીઠમ સાથે સંકળાયેલું, કામકોટીશ્વર મંદિર તેની વિશિષ્ટ ભારતીય સ્થાપત્ય પરંપરાઓ અને આધ્યાત્મિક મહત્વ માટે જાણીતું છે. શિવ પંચાયતન રચતા દેવતાઓની મૂર્તિઓ પરંપરાગત સ્થાપત્ય સિદ્ધાંતો અનુસાર સ્થાપિત કરવામાં આવી છે. સ્પર્ધામાં ભાગ લેનારા વિદ્યાર્થીઓમાંના એક, ખુશી યાદવે, મંદિરના સ્થાપત્યને મનમોહક ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે તેના ઈતિહાસ અને વિશિષ્ટ લાક્ષણિકતાઓ વિશે જાણવું એ એક સમૃદ્ધ અનુભવ હતો અને કાશી અને તમિલનાડુના સાંસ્કૃતિક સંગમનો અનુભવ કરવાની તથા તેમની સહિયારી પરંપરાઓ વિશે વધુ જાણવાની તક મળવા બદલ ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. આજે સાંજે BHU કેમ્પસ સ્થિત વિશ્વનાથ મંદિર ખાતે એક ભજન સંધ્યાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં ભક્તો અને વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. તેમને કાશી અને તમિલનાડુના સહિયારા સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાની સાથે-સાથે કાશી તમિલ સંગમમના ઉદ્દેશ્યો અને મહત્વથી પરિચિત કરાવવામાં આવ્યા હતા. આ પૂર્વ-કાર્યક્રમ પ્રવૃત્તિઓનો ઉદ્દેશ્ય ઉત્તર અને દક્ષિણ ભારત વચ્ચેના સાંસ્કૃતિક સંબંધોને મજબૂત બનાવવાની સાથે વિદ્યાર્થીઓને કાશીની પરંપરાઓ, મંદિર સ્થાપત્ય અને આધ્યાત્મિક વારસાથી પરિચિત કરવાનો છે. કાશી તમિલ સંગમમની ૫મી આવૃત્તિ ૨૮ નવેમ્બરથી ૧૨ ડિસેમ્બર ૨૦૨૬ દરમિયાન યોજાશે.



કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ UPSC ની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓ સાથે SIR અંગે સંવાદ યોજ્યો હતો. આ દરમિયાન તેમણે SIR ના હેતુ, લોકશાહી વ્યવસ્થામાં તેની ભૂમિકા અને મતદાર યાદીની ચોકસાઈ સુનિશ્ચિત કરવામાં તેના મહત્ત્વ અંગે યુવાનો સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. શ્રી વિશ્વકર્માએ ભવિષ્યના વહીવટી અધિકારીઓ સાથે વિકસિત ભારતના નિર્માણમાં જનભાગીદારી, સુશાસન અને યુવા શક્તિની ભૂમિકા અંગે પણ અર્થપૂર્ણ સંવાદ સાધ્યો હતો અને વિચારોનું આદાન પ્રદાન કર્યું હતું. આ અવસરે પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ. અનિલભાઈ પટેલ, પ્રદેશ આઈ.ટી. વિભાગના સંયોજક શ્રી નિખિલભાઈ પટેલ, અમદાવાદ શહેર ભાજપ પ્રમુખ શ્રી પ્રેરકભાઈ શાહ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

૨૬ નવેમ્બર-સંવિધાન ગૌરવ દિવસ અન્વયે આજે અમદાવાદ શહેર ભાજપા કાર્યાલય ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતા ગુજરાત ભાજપાના મુખ્ય પ્રવકતાશ્રી ડૉ. અનિલભાઈ પટેલ

ડો. બાબાસાહેબના સામાજિક ન્યાય અને દરેકને સમાન તક આપવાના વિચારોને સાકાર કરવાની દિશામાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્રની ભાજપા સરકારે અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લીધા છે -ડો. અનિલભાઈ પટેલ



સંવિધાન એ માત્ર કાયદાનું પુસ્તક નથી, પરંતુ આપણા લોકશાહી મૂલ્યો, સામાજિક ન્યાય, સમાનતા, સ્વતંત્રતા અને રાષ્ટ્રીય એકતાનો જીવંત દસ્તાવેજ છે -ડો. અનિલભાઈ પટેલ

ડો. બાબાસાહેબ આંબેડકરજીની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીની સરકારે વર્ષ ૨૦૧૫થી ૨૬ નવેમ્બરને સંવિધાન ગૌરવ દિવસ તરીકે ઉજવવાની શરૂઆત કરી -ડો. અનિલભાઈ પટેલ

કમલમ્,

૨૬ નવેમ્બર- સંવિધાન ગૌરવ દિવસ' અન્વયે ગુજરાત ભાજપાના મુખ્ય પ્રવક્તાશ્રી ડૉ. અનિલભાઈ પટેલે અમદાવાદ શહેર ભાજપા કાર્યાલય ખાતે પત્રકાર પરિષદને સંબોધન કર્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ ભારતની બંધારણ સભાએ દેશના સંવિધાનને ઔપચારિક રીતે અપનાવ્યું હતું. બંધારણના ઘડવૈયા ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીની સરકારે વર્ષ ૨૦૧૫થી ૨૬ નવેમ્બરને સંવિધાન ગૌરવ દિવસ તરીકે ઉજવવાની શરૂઆત કરી હતી. સંવિધાન એ માત્ર કાયદાનું પુસ્તક નથી, પરંતુ આપણા લોકશાહી મૂલ્યો, સામાજિક ન્યાય, સમાનતા, સ્વતંત્રતા અને રાષ્ટ્રીય એકતાનો જીવંત દસ્તાવેજ છે. સંવિધાન નાગરિકોને અધિકારોની સાથે પોતાની ફરજો અંગે પણ સભાન કરે છે. સંવિધાન ગૌરવ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ દેશના દરેક નાગરિક સુધી સંવિધાનનાં મૂલ્યો પહોંચાડવાનો તથા નાગરિક સ્વતંત્રતા, કાયદા સમક્ષ સમાનતા, ન્યાયતંત્રની સ્વતંત્રતા, સંસદની ગરિમા, અભિવ્યક્તિની આઝાદી અને સત્તા પરના બંધારણીય નિયંત્રણ અંગે જનજાગૃતિ ફેલાવવાનો છે.

ડૉ. અનિલભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે પણ તેમણે સંવિધાનના ગૌરવ માટે વિશેષ પહેલ કરી હતી. તા. ૨૬ નવેમ્બર, ૨૦૧૦ના રોજ સુરેન્દ્રનગર ખાતે હાથીની અંબાડી ઉપર સંવિધાનનું પુસ્તક મૂકીને રેલી યોજવામાં આવી હતી. અગાઉની સરકારોના સમયમાં સંવિધાનનાં ૨૫ વર્ષ કે ૫૦ વર્ષની ઉજવણીના અવસરે પણ સંવિધાન અંગે આવી જનજાગૃતિની પહેલ કરવામાં આવી નહોતી.

જ્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં સંવિધાનનાં ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે પ્રથમવાર વિશેષ જાહેરાત સાથે સંવિધાન દિવસની ઉજવણીને વ્યાપક સ્વરૂપ આપવામાં આવ્યું. ડૉ. પટેલે ૧૯૭૫ની કટોકટીને ભારતીય લોકશાહીનો કાળો અધ્યાય ગણાવી કોંગ્રેસ પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, તા. ૨૫ જૂન, ૧૯૭૫ના રોજ લાદવામાં આવેલી આંતરિક કટોકટી દરમિયાન નાગરિક સ્વતંત્રતા પર તરાપ મારવામાં આવી, મીડિયા પર સેન્સરશિપ લાદવામાં આવી અને વિપક્ષના મોટા ભાગના નેતાઓની ધરપકડ કરીને જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા.

લોકશાહી અને સંવિધાનની ગરિમાની વાત કરીએ ત્યારે આવા ઐતિહાસિક પ્રસંગોમાંથી બોધ લેવો અત્યંત જરૂરી છે. તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે બાબાસાહેબના સામાજિક ન્યાય અને દરેકને સમાન તક આપવાના વિચારોને સાકાર કરવાની દિશામાં અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લીધા છે. જેમાં રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગને બંધારણીય દરજ્જો, આર્થિક રીતે નબળા વર્ગો માટે ૧૦ ટકા EWS અનામત, વર્ષ ૨૦૨૩માં નારી શક્તિ વંદન અધિનિયમ દ્વારા લોકસભા અને વિધાનસભામાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતની જોગવાઈ, જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ અને ૩૫-એ હટાવવાનો નિર્ણય તેમજ નાગરિકતા સુધારા કાયદા (CAA) જેવા નિર્ણયોનો સમાવેશ થાય છે. સંવિધાન ગૌરવ દિનની ઉજવણીનો હેતુ કોઈ એક પક્ષને નાનો કે મોટો બતાવવાનો નથી,

પરંતુ દરેક નાગરિક સંવિધાનને સમજે, પોતાની ફરજોનું પાલન કરે, લોકશાહીનું સન્માન કરે, બંધારણીય સંસ્થાઓની ગરિમા જાળવે અને રાષ્ટ્રીય એકતા તથા અખંડિતતાને મજબૂત બનાવે તેવો છે.

ડૉ. અનિલભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, સત્તાના નશામાં કોઈ પણ સરકારને સંવિધાન સાથે રમત રમવાનો અધિકાર નથી. વર્ષ ૧૯૭૫ની કટોકટી, ૩૯મો અને ૪૨મો બંધારણીય સુધારો, શાહબાનો કેસ, કલમ ૩૫૬નો દુરુપયોગ, ન્યાયતંત્રમાં હસ્તક્ષેપ અને બંધારણીય સંસ્થાઓ પર સીધા નિયંત્રણ જેવા મુદ્દાઓની ઐતિહાસિક અને બંધારણીય સમીક્ષા થવી જોઈએ.

કોંગ્રેસના શાસનકાળમાં લેવાયેલા આવા નિર્ણયો અને તેની બંધારણીય જવાબદારી અંગે દેશની નવી પેઢી પણ માહિતગાર થાય તે જરૂરી છે, જેથી ભવિષ્યમાં લોકશાહીની મજબૂતી અને સંવિધાનની ગરિમા જળવાઈ રહે તેવા નિર્ણયો લઈ શકાય. સંવિધાનનું ગૌરવ જાળવવું એ આપણા સૌની સામૂહિક જવાબદારી છે.

આ પત્રકાર પરિષદમાં અમદાવાદ શહેર મહામંત્રીશ્રીઓ શ્રી ગૌતમભાઈ કથીરીયા, શ્રી ઉમંગભાઈ નાયક, શહેર મીડિયા ઈન્ચાર્જશ્રી નિલયભાઈ શુક્લ અને સહ ઈન્ચાર્જ શ્રી લીલાધરભાઈ ખડકે ઉપસ્થિત રહ્યાં હતાં.

ગરબાડાના ઐતિહાસિક રામનાથ તળાવનો થશે કાયાકલ્પ, મુખ્યમંત્રીશ્રીની સૂચનાના ૮ કલાકમાં જ સફાઈ કામગીરી શરૂ

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના એક્વાટિક વીડ હાર્વેસ્ટર મશીનથી તળાવની સફાઈનો પ્રારંભ



પ્રથમ તબક્કામાં તળાવની ફરતે જામી ગયેલા જળચર વનસ્પતિ અને કચરાની સફાઈ હાથ ધરાઈ

કમલમ્,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દાહોદ જિલ્લાની ત્રિદિવસીય મુલાકાતના અંતિમ દિવસે ગરબાડા ખાતે આવેલા ઐતિહાસિક રામનાથ તળાવની મુલાકાત લઈ તેના સર્વાંગી વિકાસ અને સૌંદર્યીકરણ માટે અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. મુખ્યમંત્રીશ્રીની સૂચનાના માત્ર આઠ કલાકમાં જ તળાવની સફાઈની કામગીરી શરૂ કરવામાં આવી છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના એક્વાટિક વીડ હાર્વેસ્ટર મશીનની મદદથી અને જેસીબી સહિતના સાધનોથી તળાવમાં સફાઈ કામગીરીનો પ્રારંભ કરાયો છે. પ્રથમ તબક્કામાં તળાવની ફરતે જામી ગયેલી જળચર વનસ્પતિ અને કચરો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રીએ મુલાકાત દરમિયાન તળાવની હાલની સ્થિતિ, આસપાસના વિસ્તાર અને ઉપલબ્ધ સુવિધાઓનું નિરીક્ષણ કરી અધિકારીઓ પાસેથી વિગતવાર માહિતી મેળવી હતી. તળાવના વિકાસમાં પર્યાવરણની જાળવણી સાથે નાગરિકોને વધુ સારી સુવિધાઓ મળી રહે તેવું સુવ્યવસ્થિત આયોજન કરવા પણ સૂચના આપી હતી. મુખ્યમંત્રીશ્રીની સૂચના બાદ તાત્કાલિક શરૂ થયેલી કામગીરીથી સ્થાનિક નાગરિકોમાં આનંદની લાગણી જોવા મળી છે. રામનાથ તળાવના સૌંદર્યીકરણ અને વિકાસથી ગરબાડાના નાગરિકોને હરવા-ફરવા માટે સુંદર સ્થળ ઉપલબ્ધ થશે તેમજ સ્થાનિક પ્રવાસનને પણ પ્રોત્સાહન મળશે.

ધરતી અને પ્રકૃતિ-પયારવણનું સંવર્ધન કરવું એ ઈશ્વરની સૌથી શ્રેષ્ઠ પૂજા: રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી



કમલમ્,

ગ્રામ કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત ખેડા જિલ્લાના પ્રવાસે આવેલ ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં યોગીફાર્મ, નડિયાદ ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો હતો. જેમાં, ખેડા જિલ્લાના ખેડુતોને પ્રાકૃતિક ખેતીના વિભિન્ન લાભથી માહિતગાર કરી પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે પ્રોત્સાહિત કરાયા હતા. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ સૌપ્રથમ પ્રાકૃતિક ખેતી, જૈવિક ખેતી અને રાસાયણિક ખેતી વચ્ચેના સ્પષ્ટ ભેદ રજૂ કરીને કઈ રીતે પ્રાકૃતિક ખેતી વધુ લાભદાયી અને સ્વાસ્થપ્રદ છે તેની સવિસ્તૃત સમજણ ખેડૂતોને આપી હતી. તેમણે હરીત ક્રાંતિના સમયથી આજ દિન સુધી જમીનમાં થયેલ ઓર્ગેનિક કાર્બનના પ્રમાણના ઘટાડાની વાત કરી હતી. આજે મહદ્અંશે જમીનમાં રહેલા ૦.૫ % ઓર્ગેનિક કાર્બનને તેમણે ચિંતાજનક ગણાવ્યો હતો અને ઉમેર્યું હતું કે રાસાયણિક ખેતીમાં નાઈટ્રોજનની વધુ પડતી જરૂરીયાત જમીનમાં રહેલા અળસિયા અને સુક્ષ્મજીવાણુંઓ માટે પ્રાણઘાતક સાબિત થાય છે, જેનાથી જમીન દિન પ્રતિદિન બંજર બનતી જાય છે. રાજ્યપાલશ્રીએ તેમના હરીયાણા સ્થિત ગુરુકુળ કુરુક્ષેત્ર પ્રાકૃતિક ફાર્મના અનુભવો પ્રકટ કરી પ્રાકૃતિક ખેતી અપનાવ્યા બાદ જમીનની ગુણવત્તા અને ખેત ઉત્પાદનમાં આવેલ અભૂતપુર્વ સકારાત્મક પરીવર્તનની વાત જણાવી હતી. ખેડા-આણંદના ચરોતર તરીકે સુવિખ્યાત વિસ્તારમાં આજે ભૂમિગત જળમાં થતા ઝડપી ઘટાડા વિશે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે ઉમેર્યું કે ખેતીમાં બેફામ રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના ઉપયોગથી જમીન, પાણી, હવા પ્રદૂષિત બની છે અને સમગ્ર માનવ સ્વાસ્થ્ય માટે જોખમ ઉભુ થયુ છે. રાસાયણિક ખેતીથી ઉત્પાદિત થતા ખેત-પેદાશોના નિરંતર ઉપયોગને કારણે આજે કેન્સર, હૃદય રોગ, બીપી અને ડાયાબિટીસ જેવા રોગોનું પ્રચલન વધ્યુ છે. જો પ્રાકૃતિક ખેતી ઝડપથી નહીં અપનાવવામાં આવે તો ભવિષ્યની પેઢી માટે કુદરતી સંશાધનો લુપ્ત થઈ જશે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે આજે વિશ્વ સમક્ષ પ્રસ્તુત જળવાયુ સંકટનો સામનો કરવો પ્રત્યેક દેશ માટે જટિલ બન્યુ છે. ત્યારે ભારત જેવા કૃષિ પ્રધાન દેશમાં દેશી ગાય આધારીત પ્રાકૃતિક ખેતીથી ખેડુતોની સાથે સાથે સમગ્ર દેશનું અર્થતંત્ર મજબુત અને સમૃદ્ધ બનશે. રાજ્યપાલશ્રીએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશનને સફળ બનાવવા ઉપસ્થિત સૌ મહાનુભાવો અને ખેડુતોના સહકારની અપીલ કરી હતી. રાજ્યપાલશ્રીએ ખેડા જિલ્લાના ખેડુતોના પ્રાકૃતિક ખેતીના ઉત્પાદન અને ખેત પેદાશોના વેચાણને વધારવાના ઉપાયો પણ સુચવ્યા હતા. રાજ્યપાલશ્રીના ૫૧મા ગ્રામ કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત આયોજિત પ્રાકૃતિક કૃષિ પરિસંવાદના માધ્યમથી ખેડા જિલ્લાના ખેડુતોને રાજ્યપાલશ્રીના પ્રેરણાદાયી વક્તવ્ય અને માર્ગદર્શનનો પ્રત્યક્ષ લાભ મળ્યો હતો. રાજ્યપાલશ્રીએ ઉપસ્થિત સૌ ખેડુતો, માસ્ટર ટ્રેનર્સ, કૃષિ સખીઓ તથા સમગ્ર જિલ્લા વહીવટીતંત્રને ખેડા જિલ્લામાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા જરૂરી તમામ પ્રયાસો હાથ ધરવા જણાવ્યું હતું. આ અવસરે જિલ્લાના વિવિધ પ્રગતિશીલ ખેડુતો દ્વારા તેમની પ્રાકૃતિક કૃષિ ઉપજોના સ્ટોલનુ પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતુ. જેની રાજ્યપાલશ્રીએ મુલાકાત લઈ પ્રત્યેક સ્ટોલ ધારક ખેડુત સાથે સંવાદ કર્યો હતો. તેમણે આ સ્ટોલમાં હયાત ચીજ વસ્તુઓ અને ખેતપેદાશોની ગુણવત્તાની પ્રત્યક્ષ ચકાસણી કરી હતી અને ખેડુતોને સીધો પ્રશ્ન કર્યો હતો કે શું ખરેખર જમીની સ્તર પર પ્રાકૃતિક ખેતી ખેડુતો માટે લાભદાયક બની છે કે નહિ? જેના જવાબમાં ખેડુતોએ પ્રાકૃતિક ખેતી અપનાવ્યા બાદ તેમની ખેત-ઉપજમાં આવેલ વધારા અને ખેતીના ખર્ચના ઘટાડાની વાત રજૂ કરી હતી. આ અવસરે ખેડા જિલ્લાની પ્રાકૃતિક કૃષિનો ચિતાર આપતા જિલ્લા કલેક્ટરશ્રી એન.વી. ઉપાધ્યાયે જણાવ્યું હતું કે હાલ ખેડા જિલ્લામાં ૮૫૫૦ થી વધુ ખેડુતોએ પ્રાકૃતિક કૃષિ અપનાવી છે. જિલ્લામાં કુલ ૨૯૦ જેટલા મોડેલ ફાર્મમાં ખેડુતોને પ્રાકૃતિક કૃષિની સતત તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવી રહ્યુ છે. સાથે જ પ્રાકૃતિક કૃષિની ખેત-પેદાશના વેચાણને પ્રોત્સાહન આપવા માટે જિલ્લામાં ૧૨ વેચાણ કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે. દેશી ગાય નિભાવ પોષણ યોજના અંતર્ગત જિલ્લાના ૫,૧૦૦ થી વધુ લાભાર્થીઓને લાભ આપવામાં આવી રહ્યો છે. જેમાં, વર્ષ ૨૦૨૬-૨૭માં જિલ્લામાં ૨,૦૪૦ લાભાર્થીને પ્રથમ હપ્તા પેટે ૧.૧૦ કરોડનું ચુકવણું કરવામાં આવેલ છે. આ પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ કાર્યક્રમમાં નડિયાદના મેયરશ્રી મનીષભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હિતેશકુમાર તડવી, સાંસદશ્રી દેવુસિંહ ચૌહાણ, ધારાસભ્યશ્રી પંકજભાઈ દેસાઈ, શ્રી અર્જુનસિંહ ચૌહાણ, શ્રી કલ્પેશભાઈ પરમાર, આણંદ કૃષિ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરશ્રી એમ.પી.પટેલ, જિલ્લા કલેકટરશ્રી એન.વી.ઉપાધ્યાય, કમિશનરશ્રી કિરણભાઈ ઝવેરી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી વિજય પટેલ, ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.ડી.જોગીયા, અધિક કલેકટરશ્રી જે.બી.દેસાઈ સહિત મોટી સંખ્યામાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો, પશુપાલકો, ૭૨ સરપંચશ્રીઓ, પ્રગતિશીલ ખેડૂતો, કૃષિ સખી બહેનો, માસ્ટર ટ્રેનર્સ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપાના 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો અભિયાન' અંતર્ગત ભાવનગર અને ગોધરા ખાતે વિશાળ પદયાત્રા યોજાઈ

SIR જેવી પારદર્શક પ્રક્રિયાનો વિરોધ કરીને કોંગ્રેસ ઘૂસણખોરો અને ગેરરીતિપૂર્ણ મતદાર નોંધણીને રક્ષણ આપવા માંગે છે-શ્રી અજય મહાવરજી









વિદેશી ટૂલકીટના માધ્યમથી ભારત વિરુદ્ધ વાતાવરણ ઊભું કરવાના કોંગ્રેસ અને રાહુલ ગાંધીના દુષ્પ્રયાસો સામે દેશની જનતા સજાગ છે -શ્રી અજય મહાવરજી

કમલમ્,

ભારતીય જનતા પાર્ટીના 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો અભિયાન' અંતર્ગત ભાવનગર અને ગોધરા ખાતે વિશાળ પદયાત્રાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાવનગર ખાતે આયોજિત પદયાત્રામાં પ્રદેશ ભાજપા સહપ્રભારી શ્રી અજય મહાવરજીએ સંબોધન કરતા જણાવ્યું હતું કે, 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' અભિયાન અંતર્ગત પદયાત્રા યોજવાની જરૂરિયાત એટલા માટે ઊભી થઈ છે કે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને તેમની ટીમ એક જ જૂઠાણું વારંવાર બોલીને તેને સત્ય સાબિત કરવાનો કુપ્રયાસ કરી રહી છે. વોટ ચોરી અને દેશ બચાવવાના નામે કોંગ્રેસ જનતામાં ભ્રમ ફેલાવી રહી છે. SIR જેવી પારદર્શક પ્રક્રિયાનો વિરોધ કરીને કોંગ્રેસ ઘૂસણખોરો અને ગેરરીતિપૂર્ણ મતદાર નોંધણીને રક્ષણ આપવા માંગે છે. શ્રી મહાવરજીએ વધુમાં જણાવ્યું હતું કે, ભારતની જનતા સમજદાર અને લોકશાહી મૂલ્યોમાં વિશ્વાસ ધરાવે છે. કોંગ્રેસે પોતાના શાસનકાળમાં દેશમાં કટોકટી લાદીને લોકતંત્રનું ગળું દબાવવાનો પ્રયાસ કર્યો હતો. અનુચ્છેદ ૩૫૬નો ઉપયોગ કરીને ૧૦૦થી વધુ વખત રાજ્ય સરકારોને બરખાસ્ત કરવામાં આવી હતી, જ્યારે વર્ષ ૨૦૧૪થી ૨૦૨૬ સુધી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કોઈ રાજ્ય સરકારને અનુચ્છેદ ૩૫૬ હેઠળ બરખાસ્ત કરવામાં આવી નથી. વિદેશી ટૂલકીટના માધ્યમથી ભારત વિરુદ્ધ વાતાવરણ ઊભું કરવાના પ્રયાસો સામે દેશની જનતા સજાગ છે. તેમણે ભારત રત્ન અટલ બિહારી વાજપેયીજીના વિચારોને યાદ કરતાં જણાવ્યું હતું કે, અટલજીએ કહ્યું હતું કે સરકારો આવશે અને જશે, સત્તા આવશે અને જશે, નેતાઓ આવશે અને જશે, પરંતુ દેશનું સંવિધાન અને લોકતંત્ર હંમેશાં જીવંત રહેવું જોઈએ. આ જ લોકતાંત્રિક મૂલ્યોની રક્ષા અને કોંગ્રેસની અરાજકતાની રાજનીતિ ખુલ્લી પાડવા માટે ભારતીય જનતા પાર્ટીએ 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' અભિયાન હાથ ધર્યું છે.

ભાવનગર ખાતે આયોજીત પદયાત્રામાં પ્રદેશ સહ પ્રભારી શ્રી અજય મહાવરજી, સહ સંગઠન મહામંત્રીશ્રી અરૂણ બન્નાડીજી, પ્રદેશ મહામંત્રીશ્રી અનિરુદ્ધભાઈ દવે, કેન્દ્રિય રાજ્યમંત્રી શ્રીમતી નીમુબેન બાંભણિયા, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ શ્રી જીતુભાઈ વાઘાણી, શ્રી કુવરજીભાઈ બાવળિયા, શ્રી કૌશિકભાઈ વેકરિયા, અભિયાનના પ્રદેશ ઈન્ચાર્જશ્રી જગદીશભાઈ મકવાણા, શહેર ભાજપ પ્રમુખ કુમારભાઈ શાહ, જિલ્લા પ્રમુખશ્રી દિગ્વિજયસિંહ ગોહિલ, પદાધિકારીઓ, અગ્રણીઓ, ધારાસભ્યશ્રીઓ, મેયરશ્રી, જિલ્લા પંચાયતના અધ્યક્ષશ્રી સહિત જિલ્લા અને પ્રદેશના વિવિધ આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ગોધરા ખાતે આયોજિત પદયાત્રામાં પ્રદેશ મહામંત્રીશ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ, રાજ્ય સરકારના મંત્રીશ્રી રીવાબા જાડેજા, જિલ્લા ભાજપના અધ્યક્ષશ્રી મયંકભાઈ દેસાઈ, સાંસદશ્રી રાજપાલસિંહ જાધવ, સહિત ધારાસભ્યો, પદાધિકારીઓ, અગ્રણીઓ, આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ભાવનગર અને ગોધરા ખાતે યોજાયેલી આ પદયાત્રાઓમાં ભાજપાએ કોંગ્રેસ દ્વારા SIR અંગે ભ્રામક પ્રચાર કરી જનતામાં ગેરસમજ ફેલાવવાના તેમજ રાજકીય સ્વાર્થ માટે અરાજકતાનું વાતાવરણ ઊભું કરી લોકશાહી વ્યવસ્થાને નબળી પાડવાના કરાઈ રહેલા દુષ્પ્રયાસો સામે ઉગ્ર વિરોધ વ્યક્ત કર્યો હતો. પદયાત્રા દરમિયાન કાર્યકર્તાઓએ લોકશાહી અને બંધારણીય સંસ્થાઓની ગરિમા જાળવવાનો તથા જૈઈ સંદર્ભે જનતાને સત્યથી માહિતગાર કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ પદયાત્રાઓના માધ્યમથી ભાજપાએ સ્પષ્ટ સંદેશ આપ્યો હતો કે કોંગ્રેસના ભ્રામક પ્રચાર અને લોકશાહી પ્રક્રિયાઓ સામે અવિશ્વાસ ઊભો કરવાના કુપ્રયાસોને સાંખી લેવામાં આવશે નહીં. SIR એ મતદાર યાદીને વધુ ચોકસાઈપૂર્ણ અને વિશ્વસનીય બનાવવાની બંધારણીય પ્રક્રિયા છે ત્યારે દરેક પાત્ર નાગરિકનું નામ મતદાર યાદીમાં રહે તે માટે તે આવશ્યક છે.

આ અભિયાન અંતર્ગત ભાજપાના કાર્યકર્તાઓ જનતાની વચ્ચે જઈ કોંગ્રેસના અપપ્રચારનો જવાબ આપશે અને લોકશાહી મૂલ્યો, બંધારણીય વ્યવસ્થાની મજબૂતી તથા નાગરિકોના મતાધિકારના રક્ષણ માટે લોકજાગૃતિનું કાર્ય સતત આગળ ધપાવશે.

આયુષ્માન ભારત યોજના (PMJAY-MA)માં મહત્તમ કલેઈમ સબમિશન બદલ અમદાવાદ સિવિલ હોસ્પિટલ રાજ્યમાં પ્રથમ

અમદાવાદ સિવિલ હોસ્પિટલને બે રાજ્યકક્ષાના એવોર્ડ; 'સ્કેન એન્ડ શેર' રજિસ્ટ્રેશનમાં બીજું સ્થાન



કમલમ્,

ગુજરાત સરકારની સ્ટેટ હેલ્થ એજન્સી દ્વારા આયોજિત 'સ્ટેટ લેવલ એવોર્ડ સેરેમની એન્ડ બાયલેટરલ લર્નિંગ – AB PMJAY-MA& ABDM' કાર્યક્રમમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલને બે મહત્વપૂર્ણ સિદ્ધિઓ બદલ સન્માનિત કરવામાં આવી છે. આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB PM-JAY-MA) અંતર્ગત સમગ્ર રાજ્યમાં સૌથી વધુ કલેઈમ સબમિશન કરનાર હોસ્પિટલ તરીકે અમદાવાદ સિવિલ હોસ્પિટલને પ્રથમ પુરસ્કાર એનાયત થયો છે. આ ઉપરાંત, આયુષ્માન ભારત ડિજિટલ મિશન (ABDM) હેઠળ દર્દીઓના ડિજિટલ રજિસ્ટ્રેશન માટેની 'સ્કેન એન્ડ શેર' સુવિધાના મહત્તમ રજિસ્ટ્રેશનમાં સમગ્ર ગુજરાતમાં બીજું સ્થાન પ્રાપ્ત થયું છે. ગાંધીનગર ખાતે યોજાયેલા રાજ્યકક્ષાના સમારોહમાં આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજીવ ટોપનોના હસ્તે અમદાવાદ સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોશીને આ બને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કમિશનર ઓફ હેલ્થ (શહેરી) તથા PM-JAY અને ABDMના CEO ડૉ. સંધ્યા ભુલ્લર, કમિશનર ઓફ હેલ્થ (ગ્રામ્ય) ડૉ. રતન કંવર ગઢવી ચારણ, તેમજ રાજ્યની તમામ સરકારી હોસ્પિટલો અને સરકારી તથા GMERS મેડિકલ કોલેજ હોસ્પિટલોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજીવ ટોપનોના વિઝન તેમજ કમિશનર ઓફ હેલ્થ (શહેરી) તથા PM-JAY અને ABDMના CEO ડૉ. સંધ્યા ભુલ્લરના સક્રિય નેતૃત્વ હેઠળ રાજ્યની સમગ્ર આરોગ્ય ટીમ દ્વારા આ યોજનાઓના અસરકારક અમલીકરણ માટે સતત પ્રયત્નો થઈ રહ્યા છે. રાજ્યની તમામ સરકારી હોસ્પિટલોમાં વધુમાં વધુ પાત્ર દર્દીઓને આયુષ્માન ભારત યોજનાનો લાભ મળે, આરોગ્ય સેવાઓની પહોંચ વધે અને 'સ્કેન એન્ડ શેર' સહિતની ડિજિટલ હેલ્થ સેવાઓનો વ્યાપ વધે તે માટે રાજ્યસ્તરે સઘન કામગીરી ચાલી રહી છે. રાજ્યની આરોગ્ય સંસ્થાઓ વચ્ચે તંદુરસ્ત સ્પર્ધા, પરસ્પર જ્ઞાનની આપ-લે અને કામગીરીમાં ગુણાત્મક સુધારો લાવવાના હેતુથી આ સમારોહ યોજાયો હતો. જેમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (PHC)થી લઈને મેડિકલ કોલેજ, હોસ્પિટલો અને GMERS હોસ્પિટલોના પ્રતિનિધિઓ જોડાયા હતા. રાજ્યસ્તરીય સમિતિ દ્વારા નિર્ધારિત માપદંડો અનુસાર મૂલ્યાંકન કરીને શ્રેષ્ઠ કામગીરી કરનાર સંસ્થાઓને પુરસ્કૃત કરાઈ હતી, જેથી રાજ્યના દરેક ખૂણે દર્દીઓને ગુણવત્તાયુક્ત આરોગ્ય અને ડિજિટલ સુવિધાઓનો લાભ મળી રહે. અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા પાત્રતા ધરાવતા દર્દીઓને આરોગ્ય સેવાઓનો લાભ અપાવવા કલેઈમ સબમિશનની પ્રક્રિયાને સુવ્યવસ્થિત બનાવવામાં આવી છે. સાથોસાથ, ABDM હેઠળ 'સ્કેન એન્ડ શેર' સુવિધાથી દર્દીઓનું ડિજિટલ રજિસ્ટ્રેશન સરળ અને ઝડપી બન્યું છે, જેના પરિણામે OPDમાં દર્દીઓનો સમય બચાવવા અને કાગળ આધારિત પ્રક્રિયા ઘટાડવામાં મદદ મળી રહી છે. મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોશીએ આ બને પુરસ્કારોનો શ્રેય હોસ્પિટલના તબીબો, નર્સિંગ સ્ટાફ, આયુષ્માન ભારત યોજના સાથે સંકળાયેલા કર્મચારીઓ, વહીવટી વિભાગ અને ડિજિટલ હેલ્થ ટીમના સંયુક્ત પ્રયાસોને આપ્યો હતો.

ગ્રામ્ય વિકાસને વેગ: દાંતીવાડાના માળીવાસ ખાતે નવીન ગ્રામ પંચાયત ભવન, આરોગ્ય મંદિર અને માર્ગનું લોકાર્પણ

દાંતીવાડા ડેમ વિસ્તારમાં 'એગ્રો અને રૂરલ ટુરિઝમ' થકી યુવાનો માટે રોજગારીની વિપુલ તકો: મંત્રીશ્રી પ્રવીણભાઈ માળી





કમલમ્, પાલનપુર

દાંતીવાડા તાલુકાના માળીવાસ ગામે રાજ્યકક્ષાના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ તથા વાહન વ્યવહાર મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીની અને ઉપસ્થિત મહેમાનોની ઉપસ્થિતમાં માળીવાસ ગ્રામ પંચાયત, આયુષ્માન આરોગ્ય મંદિર તથા મારવાડાથી અટાલ સેતુ પુનઃવસવાટ ડામર રોડનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ વિકાસલક્ષી સુવિધાઓથી સ્થાનિક નાગરિકોને આરોગ્ય સેવાઓનો વધુ સુલભ લાભ મળશે તેમજ માર્ગ સુવિધા વધુ સુદૃઢ બનતા અવરજવરમાં સરળતા રહેશે. આ પ્રસંગે રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારોની સ્થાનિક સમસ્યાઓ અને જરૂરિયાતોને સમજવા માટે ગ્રામ્ય પ્રવાસો ખૂબ જ મહત્વપૂર્ણ છે. અગાઉના પ્રવાસ દરમિયાન સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો દ્વારા રજૂ કરવામાં આવેલા સીપુ વસાહતના રસ્તાઓ, સેતુ માર્ગ તેમજ શાળાના પ્રશ્નો સહિતની રજૂઆતોને ધ્યાને લઈ વિકાસનાં કામો હાથ ધરવામાં આવ્યાં છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વિકાસની સાથે આગામી પેઢી માટે કુદરતી સંસાધનોનું સંરક્ષણ કરવું પણ એટલું જ જરૂરી છે.

પાણી અને વીજળીની બચત માત્ર સૂત્ર ન બની રહે, પરંતુ જીવનશૈલીનો ભાગ બને તે જરૂરી છે. વરસાદી પાણીનો સંગ્રહ, જળસંચય, જૂના કૂવા અને બોરનું રિચાર્જ, ટપકસિંચાઈ તથા ફુવારા પદ્ધતિનો વધુમાં વધુ ઉપયોગ કરીને પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરવા મંત્રીશ્રીએ અપીલ કરી હતી. ખાસ કરીને ખેતી અને પશુપાલન આધારિત દાંતીવાડા પથકમાં પાણીનું સંરક્ષણ એ ભાવિ વિકાસ માટે અનિવાર્ય હોવાનું ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, દાંતીવાડા ડેમના આસપાસના વિસ્તારમાં ગ્રામ્ય પ્રવાસન (રૂરલ ટુરિઝમ) અને કૃષિ પ્રવાસન (એગ્રો ટુરિઝમ) વિકસાવવાની વિપુલ તકો રહેલી છે. સ્થાનિક યુવાનો સંગઠિત થઈને દેશી ભોજન, પરંપરાગત ગ્રામ્ય જીવનશૈલી, ખેતી અને પશુપાલન આધારિત પ્રવૃત્તિઓનો પ્રવાસીઓને પરિચય કરાવે તો રોજગારી અને આવકના નવા સ્રોત ઊભા થઈ શકે છે. આ માટે યુવાનોને મહેમાનગતિ અને હોસ્પિટાલિટી ક્ષેત્રની તાલીમ મેળવી સ્થાનિક પ્રવાસનને પ્રોત્સાહન આપવા તેમણે આહ્વાન કર્યું હતું. સાથે જ સોશિયલ મીડિયાના માધ્યમથી વિસ્તારની વિશેષતાઓનો પ્રચાર કરવા પણ જણાવ્યું હતું. અંતમાં તેમણે પાણી અને વીજળીની બચત, કુદરતી સંસાધનોનું સંરક્ષણ તેમજ દરેક પરિવારમાં વ્યસનમુક્તિ અને દેવામુક્તિનો સંકલ્પ અપનાવવા અપીલ કરી હતી. પરિવારની આર્થિક સુખાકારી અને સમાજના સર્વાંગી વિકાસ માટે વ્યસનમુક્ત તથા દેવામુક્ત પરિવારની ભાવના કેળવવી જરૂરી હોવાનું તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી વસંતભાઈ પુરોહિતે જણાવ્યું હતું કે, ગામના સર્વાંગી વિકાસ માટે ગ્રામ સચિવાલય, આયુષ્માન આરોગ્ય મંદિર અને રસ્તા જેવી પાયાની સુવિધાઓ ખૂબ જ આવશ્યક છે. ગામના વિકાસ માટે ભવિષ્યમાં પણ કોઈપણ સમયે જરૂરિયાત ઊભી થાય તો સૌએ સાથે મળીને કાર્ય કરવું જોઈએ.

ધાનેરા ધારાસભ્ય શ્રી માવજીભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર છેવાડાના ગામડાઓ સુધી પાણી, શિક્ષણ, આરોગ્ય અને માર્ગ જેવી પાયાની સુવિધાઓ પહોંચાડવા પ્રતિબદ્ધ છે. માળીવાસ ગામે ગ્રામ પંચાયત, આયુષ્માન આરોગ્ય મંદિર અને મારવાડાથી અટાલ સેતુ પુનઃવસવાટ ડામર રોડના લોકાર્પણ બદલ રાજ્ય સરકાર અને મંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી વસંતભાઈ પુરોહિત, ધાનેરા ધારાસભ્ય શ્રી માવજીભાઈ દેસાઈ, સંગઠનના પદાધિકારીઓ શ્રી તેજાજી મારવાડીયા, શ્રી અમરતભાઈ દવે, શ્રી મેરૂજી, શ્રી નટુભાઈ ચૌધરી, શ્રી દિનેશભાઈ બોકા અને સ્થાનિક આગેવાનો તેમજ બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્ય પોલીસ વડા શ્રી જી. એસ. મલિકે સ્પર્ધાસ્થળની મુલાકાત લઈ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ રહેલા ખેલાડીઓ સાથે સંવાદ કરી પ્રોત્સાહિત કર્યા



કમલમ્,

અમદાવાદના નારણપુરા સ્થિત વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે 'ઉજી ઓલ ઈન્ડિયા પોલીસ બેડમિન્ટન કલસ્ટર ૨૦૨૬-૨૭નું આયોજન કરવામાં આવ્યું છે. ટુર્નામેન્ટના ત્રીજા દિવસે રાજ્યના પોલીસ વડા શ્રી જી. એસ. મલિકે મુલાકાત લઈ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ રહેલા ખેલાડીઓ સાથે સંવાદ કરી તેમને પ્રોત્સાહિત કર્યા હતા. આ દરમિયાન તેમણે બેડમિન્ટન રમી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આજે બેડમિન્ટનની GO/NGO ટીમ કેટેગરીની ફાઈનલ મેચમાં મેન્સ કેટેગરીમાં CRPF અને આસામ રાઈફલ્સ તથા વુમન્સ કેટેગરીમાં CISF અને આસામ રાઈફલ્સ વચ્ચે મુકાબલો યોજાયો હતો. મેચનો ટોસ DGP CID શ્રી K.L.N. રાવ દ્વારા કરવામાં આવ્યો હતો. બેડમિન્ટનની GO/NGO ટીમ ઈવેન્ટની Men's Categoryમાં CRPFની ટીમે ગોલ્ડ મેડલ, આસામ રાઈફલ્સની ટીમે સિલ્વર મેડલ તથા મિઝોરમ અને CISFની ટીમોએ બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા. જ્યારે વુમન્સ કેટેગરીમાં CISFની ટીમે ગોલ્ડ મેડલ, આસામ રાઈફલ્સની ટીમે સિલ્વર મેડલ તથા ઉત્તર પ્રદેશ અને તમિલનાડુની ટીમોએ બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા. ટેબલ ટેનિસની GO-NGO ટીમ ઈવેન્ટની Men's Categoryમાં ઉત્તર પ્રદેશની ટીમે ગોલ્ડ મેડલ, મણિપુરની ટીમે સિલ્વર મેડલ તથા SSB અને મિઝોરમની ટીમોએ બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા. જ્યારે Women's Categoryમાં ઉત્તર પ્રદેશની ટીમે ગોલ્ડ મેડલ, મણિપુરની ટીમે સિલ્વર મેડલ તથા મિઝોરમ અને તમિલનાડુની ટીમોએ બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા. બેડમિન્ટન અને ટેબલ ટેનિસની વિવિધ ટીમ ઈવેન્ટમાં વિજેતા તથા ઉપવિજેતા ટીમોના ખેલાડીઓને શ્રી કે. એલ. એન. રાવના હસ્તે મેડલ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

અમદાવાદ જિલ્લા કલેકટર ભવ્ય વર્માના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ

આરોગ્ય, શિક્ષણ, સિંચાઈ, પીવાના પાણી, રસ્તા સહિતના વિવિધ પ્રશ્નોનો સત્વરે હકારત્મક ઉકેલ લાવવા સૂચના આપતાં જિલ્લા કલેક્ટર



જિલ્લા સંકલન સમિતિની કામગીરી વધુ ઝડપી અને સરળ બનાવવા ઓનલાઇન પોર્ટલ લોન્ચ કરાયું

કમલમ્,

અમદાવાદ જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેક્ટરે સંબંધિત અધિકારીઓને સંકલનમાં પુછાયેલા પ્રશ્નોને પ્રાધાન્ય આપીને ત્વરિત નિયમાનુસાર કાર્યવાહી કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં જિલ્લા સંકલન સમિતિની કામગીરીને વધુ ઝડપી, સરળ અને પારદર્શક બનાવવા માટે બનાવવામાં આવેલા ઓનલાઈન પોર્ટલનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું.

શહેરી વિસ્તારના વિવિધ પ્રશ્નોમાં દબાણ, પોલીસ સ્ટેશન, અશાંતધારો, હેતુફેર, આરોગ્ય, ઈન્દિરા બ્રિજ વિસ્તૃતિકરણ, નવા કોમ્યુનિટી હૉલનાં નિર્માણ, કેનાલની સફાઈ, જનસેવા કેન્દ્ર, રેલવેને લગતા વિવિધ પ્રશ્નો, પાર્કિંગ માટેની જગ્યાને લગતી બાબત, હાઉસિંગ બોર્ડના પ્રશ્નો, નવા રસ્તાના નિર્માણ, જીપીસીબી, પોસ્ટ ઑફિસને લગતી બાબતો સહિતના પ્રશ્નોની ચર્ચા કરી હકારત્મક નિરાકરણ લવાયું હતું. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં મુનસર તળાવ અને મલાવ તળાવની સફાઈ, રોડ રિસરફેસિંગ, સ્વચ્છતા, નર્મદા કેનાલ સફાઈ અને સમારકામ, વરસાદી પાણીનો નિકાલ, પીવાના તેમજ સિંચાઈના પાણીના પ્રશ્નો, ડેમના પાળાનું સમારકામ, નદીમાંથી કાંપ કાઢી તેને ઊંડી કરવી, રેલવે, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કામો, નવાં પરીક્ષા કેન્દ્રો, જંગલ સફાઈની કામગીરી, પોસ્ટલ પિનકોડના પ્રશ્નો સહિત પ્રાથમિક અને માળખાકીય સુવિધાઓ સંદર્ભે ચર્ચા કરી ઉકેલ લાવવા સંબંધિત અધિકારીઓને સૂચના અપાઈ હતી. બેઠકમાં પુછાયેલા પ્રશ્નોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી, સત્વરે હકારાત્મક નિરાકરણ લાવવા સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ સૂરજિતસિંહ ગોહિલ, સાંસદ દિનેશભાઈ મકવાણા, ધારાસભ્યો સર્વેહર્ષદ પટેલ, કૌશિક જૈન, અમિત ઠાકર, ડૉ. હસમુખ પટેલ, અમિત શાહ, શ્રીમતી પાયલ કુકરાણી, અમૂલ ભટ્ટ, જીતુભાઈ પટેલ, હાર્દિક પટેલ, કિરીટસિંહ ડાભી તેમજ ઈમરાન ખેડાવાલા, જિલ્લા વિકાસ અધિકારી વિદેહ ખરે તથા અમદાવાદ શહેરના પોલીસ અધિકારી, નિવાસી અધિક કલેક્ટર ભાવિન સાગર સહિત સંકલનના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદ સિવિલ હોસ્પિટલ અને બી.જે. મેડિકલ કોલેજ ખાતે 'વર્લ્ડ AMR અવેરનેસ વીક - ૨૦૨૬' અંતર્ગત ભવ્ય જનજાગૃતિ રેલી યોજાઈ

આશરે ૪૦૦ સહભાગીઓએ બ્લુ કેપ પહેરી રેલીમાં ભાગ લીધો; એન્ટિમાઇક્રોબાયલ રેઝિસ્ટન્સ અટકાવવાના શપથ લેવાયા



એન્ટિબાયોટિક્સના યોગ્ય ઉપયોગ અને એન્ટિમાઇક્રોબાયલ રેઝિસ્ટન્સ (AMR) સામે પ્રિસ્ક્રિપ્શનનું ઓડિટ અને ક્વિઝ સ્પર્ધા સહિતના કાર્યક્રમો યોજાયા

કમલમ્,

એન્ટિબાયોટિક્સના યોગ્ય ઉપયોગ અને એન્ટિમાઈક્રોબાયલ રેઝિસ્ટન્સ (AMR) સામે સમાજમાં જાગૃતિ લાવવાના ઉમદા હેતુસર, 'વર્લ્ડ AMR અવેરનેસ વીક (WAAW) - 2026' ની ઉજવણીના ભાગરૂપે સિવિલ હોસ્પિટલ અને બી.જે. મેડિકલ કોલેજ (B.J.M.C.), અમદાવાદ ખાતે ભવ્ય જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જાગૃતિ રેલીને સિવિલ હોસ્પિટલ, અમદાવાદના તબીબી અધિક્ષક ડૉ. રાકેશ જોષીના હસ્તે ટ્રોમા સેન્ટર ખાતેથી લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમદાવાદ મેડિકલ એસોસિએશન (AMA) ના પ્રેસિડેન્ટ ડૉ. કલ્પિતા દવે તેમજ સેક્રેટરી ડૉ. મૌલિક શેઠે વિશેષ ઉપસ્થિત રહી સૌનો ઉત્સાહ વધાર્યો હતો. રેલીમાં સિવિલ હોસ્પિટલના ક્લિનિકલ અને નોન-ક્લિનિકલ વિભાગના વડાઓ, તબીબી સ્ટાફ, નર્સિંગ અધિક્ષક, નર્સિંગ સ્ટાફ, મેડિકલ અને નર્સિંગના વિદ્યાર્થીઓ તેમજ અન્ય કર્મચારીઓ સહિત આશરે ૪૦૦ જેટલા સભ્યો જોડાયા હતા. તમામ સહભાગીઓએ WAAW-2026 ના 'બ્લુ કલર કોડ' (Blue Color Code) મુજબ બ્લુ કેપ પહેરીને ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રેલી ટ્રોમા સેન્ટરથી શરૂ થઈ બી.જે. મેડિકલ કોલેજ અને નર્સિંગ કોલેજ પરિસરમાંથી પસાર થઈને ૧૨૦૦ બેડ હોસ્પિટલ ખાતે પહોંચી હતી. રેલીના સમાપન સમયે ૧૨૦૦ બેડ હોસ્પિટલ ખાતે તબીબી અધિક્ષક ડૉ. રાકેશ જોષી દ્વારા ઉપસ્થિત સૌને એન્ટિમાઈક્રોબાયલ રેઝિસ્ટન્સ અટકાવવા અંગેના શપથ લેવડાવવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે આ 'વર્લ્ડ AMR અવેરનેસ (WAAW) - 2026' સપ્તાહની ઉજવણી અંતર્ગત ૨૦ નવેમ્બરના રોજ પણ વિવિધ શૈક્ષણિક અને જાગૃતિલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. જેમાં એન્ટિબાયોટિક્સના તર્કસંગત ઉપયોગની ચકાસણી માટે કુલ ૬૧૦ પ્રિસ્ક્રિપ્શનનું ઓડિટ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ભાવિ તબીબોમાં આ વિષયની ઊંડી સમજ કેળવાય તે હેતુથી આયોજિત ક્વિઝ સ્પર્ધામાં અંડર-ગ્રેજ્યુએટ (UG) અને પોસ્ટ-ગ્રેજ્યુએટ (PG) રેસિડેન્ટ તબીબોની કુલ ૧૯ ટીમોએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાનું જ્ઞાન રજૂ કર્યું હતું.

AI અને ડિજિટલ યુગમાં પણ અકબંધ છે પુસ્તકોનો જાદુ: GBU ખાતે ભવ્ય 'પુસ્તક મેળો-૨૦૨૬' સાથે 'રાષ્ટ્રીય પુસ્તકાલય સપ્તાહ'ની ઉજવણી સંપન્ન

ઇટાલીના સંશોધકોની વિશેષ ઉપસ્થિતિમાં પુસ્તક મેળાનું થયું ઉદ્ઘાટન; IIT ગાંધીનગર, GNLU, NIPER સહિત રાજ્યની અગ્રણી સંસ્થાઓના પ્રતિનિધિઓ જોડાયા



કમલમ્,

આજના ઝડપથી વિસ્તરતા ડિજિટલ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના યુગમાં પણ પુસ્તકો અને પુસ્તકાલયોની પ્રાસંગિકતા અકબંધ છે, તેની પ્રતીતિ ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી (GBU) ખાતે યોજાયેલા કાર્યક્રમમાં જોવા મળી હતી. જ્ઞાન અને સાક્ષરતામાં પુસ્તકાલયોનું મહત્ત્વ ઉજાગર કરવાના ઉદ્દેશ્ય સાથે GBU લાઈબ્રેરી અને રીડર્સ કલબના સંયુક્ત ઉપક્રમે તા. ૧૪ થી ૨૦ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન 'રાષ્ટ્રીય પુસ્તકાલય સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી હતી, જેનું ભવ્ય સમાપન 'પુસ્તક મેળો-૨૦૨૬' સાથે થયું હતું. આ જ્ઞાનોત્સવનું ઉદ્ઘાટન ઈટાલીના CNR-IRS A ના રિસર્ચ ડિરેક્ટર ડૉ. સિમોના રોસેટી અને રોમ, ઈટાલીના CNR-વોટર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના રિસર્ચ ફેલો સુશ્રી જ્યોર્જિયા ડેલીની ગરિમામય ઉપસ્થિતિમાં થયું હતું. આ પ્રસંગે GBU ના રજિસ્ટ્રાર ડૉ. જે. સી. લીલાણી, ડિરેક્ટર પ્રો. રાકેશ રાવલ, ડીન ઓફ રિસર્ચ પ્રો. સુધીર પ્રતાપ સિંહ તેમજ યુનિવર્સિટી લાઈબ્રેરિયન ડૉ. મહેશ આર. સોલંકી વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. પુસ્તક મેળામાં વિદ્યાર્થીઓ, PhD સંશોધકો, ફેકલ્ટી સભ્યો, વહીવટી સ્ટાફ તેમજ બાળકોએ અત્યંત ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પ્રદર્શનમાં સામેલ આઠ વિક્રેતાઓએ એક જ છત નીચે શૈક્ષણિક, વૈજ્ઞાનિક, સાહિત્યિક અને બાળસાહિત્યના હજારો પુસ્તકોનો વૈવિધ્યસભર ખજાનો રજૂ કર્યો હતો. મેળામાં બાળકો માટે ખાસ વિભાગો, રોચક સ્ટેજ પ્રવૃત્તિઓ અને GBU લાઈબ્રેરીની વિવિધ સેવાઓની ઝાંખી પણ પ્રદર્શિત કરાઈ હતી, જેમાં પ્રવેશદ્વાર પર મૂકવામાં આવેલ 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' તમામ મુલાકાતીઓ માટે આકર્ષણનું વિશેષ કેન્દ્ર બની રહી હતી. આ કાર્યક્રમમાં IIT ગાંધીનગર, ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (GNLU), પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી (PDEU), NIPER અમદાવાદ અને ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ્ડ રિસર્ચ (IAR) સહિતની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓના લાઈબ્રેરી પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. આ અવસરે શૈક્ષણિક સદભાવના અને સંસ્થાઓ વચ્ચે જ્ઞાનના આદાનપ્રદાનના પ્રતીક રૂપે IIT ગાંધીનગર દ્વારા GBU લાઈબ્રેરીને 'ધ ઈન્ડિયન હેરિટેજ સિરીઝ' નો પુસ્તક સંગ્રહ ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવ્યો હતો. ડૉ. અર્ચના કુમારીના માર્ગદર્શન હેઠળ તેમજ GBU રીડર્સ કલબના સક્રિય સ્વયંસેવકો અર્પિતા, સ્વાતિ, અનુષ્કા, સૌમ્યા અને અન્યોના સહયોગથી વિવિધ સાહિત્યિક અને સર્જનાત્મક સ્પર્ધાઓનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બુકમાર્ક અને બુક-કવર ડિઝાઈન, મીમ ચેલેન્જ, સ્ટોરીટેલિંગ, ચેઈન સ્ટોરીટેલિંગ, 'વ્હોટ ઈફ' એક્ટિવિટી, બુક રિવ્યુ અને કાવ્ય પઠન જેવી પ્રવૃત્તિઓએ વાચકોને તેમની સર્જનાત્મકતા વ્યક્ત કરવા માટે એક ઈન્ટરેક્ટિવ પ્લેટફોર્મ પૂરું પાડ્યું હતું. સપ્તાહભર ચાલેલી આ ઉજવણી અને 'પુસ્તક મેળો-૨૦૨૬' દ્વારા ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટીએ તેના શૈક્ષણિક સમુદાયમાં વાંચન અને સંશોધન સંસ્કૃતિને વધુ સુદૃઢ કરવાની પોતાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો, અને સાબિત કર્યું હતું કે પુસ્તકાલયો પરંપરાગત વાંચન અને આધુનિક શિક્ષણને જોડતા જ્ઞાનના જીવંત કેન્દ્રો છે.

ભાજપ દ્વારા ગુજરાત રાજ્યની તમામ ૧૮૨ બેઠકોમા દિવાળી સ્નેહ મિલન સમારોહ કાર્યક્રમ યોજાવા જઈ રહ્યો છે તે પૈકી સુરત મહાનગરની તમામ ૧૨ વિધાનસભા બેઠકોમાં દિવાળી સ્નેહમિલન કાર્યક્રમોનું આયોજન કરાયું

કમલમ્,સુરત

દિવાળીના પાવન પર્વ અને નૂતન વર્ષના પ્રારંભ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી દ્વારા સુરત મહાનગરની તમામ ૧૨ વિધાનસભા બેઠકો પર પક્ષના કાર્યકર્તાઓ, આગેવાનો અને હોદ્દેદારો માટે દિવાળી સ્નેહમિલન કાર્યક્રમોનું આ યોજન કરવામાં આવ્યું હતું. શહેરના વિવિધ વિધાનસભા વિસ્તારોમાં યોજાયેલા આ કાર્યક્રમોમાં ભાજપના વરિષ્ઠ નેતાઓ, સાંસદ શ્રી , નાયબ મુખ્યમંત્રી શ્રી, મંત્રી શ્રી, ધારાસભ્ય શ્રી ઓ સંગઠનના હોદ્દેદાર શ્રીઓ તેમજ ચૂંટાયેલા પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહી કાર્યકર્તાઓને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. મજૂરા વિધાનસભા વિસ્તારમાં યોજાયેલા સ્નેહમિલન કાર્યક્રમમાં ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, ઉપસ્થિત રહ્યા હતા.ઉધના વિધાનસભાવિસ્તારમાં ધારાસભ્ય શ્રી મનુભાઈ પટેલ, શહેર અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલ અને શહેર મહામંત્રી શ્રી દુર્ગાપ્રસાદ પાંડે સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે કામરેજ વિધાનસભા વિસ્તારમાં આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા તથા આ લેપ્પા વિધાનસભા વિસ્તારમાં પૂર્વમંત્રી અને ધારાસભ્ય શ્રી



મુકેશભાઈ પટેલે કાર્યકર્તાઓ સાથે દિવાળીની શુભેચ્છાઓની આપ-લે કરી હતી. તેવી જ રીતે કતારગામ વિધાનસભા વિસ્તારમાં પૂર્વ મંત્રી અને ધારાસભ્ય શ્રી વિનોદભાઈ મોરડિયા ની સાથે સુરત લોકસભા ના સાંસદ શ્રી મુકેશભાઈ દલાલ સાહેબ ઉપસ્થિત રહી કાર્યકર્તાઓ સાથે સંગોષ્ટિ કરી હતી સુરત પૂર્વ વિધાનસભા વિસ્તારમાં ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ રાણા તથા સુરત ઉત્તર વિધાનસભા વિસ્તારમાં ધારાસભ્ય શ્રી કાંતિભાઈ બલર અને શહેર મહામંત્રી શ્રી વિરલ ભાઈ ગિલિટ વાળા ઉપસ્થિત રહ્યા હતા. વરાછા વિધાનસભા વિસ્તારમાં પૂર્વ મંત્રી અને ધારાસભ્ય શ્રી કિશોરભાઈ કાનાણી (કુમાર), કરંજ વિધાનસભા વિસ્તારમાં ધારાસભ્ય શ્રી



પ્રવીણભાઈ ઘોઘારીની સાથે પણ સુરત લોકસભા ના સાંસદ શ્રી મુકેશભાઈ દલાલ સાહેબ વિશેષ ઉપસ્થિત રહી કાર્યકર્તાઓ ને નવવા વર્ષની ઉજવણીની શુભેચ્છા ઓ આપી હતી ત્યારે લિંબાયત વિધાનસભા વિસ્તારમાં ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ તથા ચોર્યાસી વિધાનસભા વિસ્તારમાં ધારાસભ્ય શ્રી સંદીપભાઈ દેસાઈએ ઉપસ્થિત રહી કાર્યકર્તાઓ સાથે સ્નેહમિલન કર્યું હતું. આ ઉપરાંત ભાજપ સુરત મહાનગરના શહેર અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી રાજનભાઈ પટેલે ઉધના, મજૂરા તેમજ લિંબાયત વિધાનસભા વિસ્તારોના સ્નેહમિલન કાર્યક્રમોમાં પણ હાજરી આપી હતી. સુરત લોકસભાના સાંસદ શ્રી મુકેશભાઈ દલાલ કતારગામ તેમજ કરંજ વિધાનસભા વિસ્તારોના સ્નેહમિલન કાર્યક્રમોમાં ઉપસ્થિત રહ્યા હતા. સુરત મહાનગરની તમામ વિધાનસભા બેઠકોમાં યોજાયેલા આ કાર્યક્રમો માં પ્રદેશ સંગઠનના હોદ્દેદારો અને સભ્યો, વિસ્તારના ચૂંટાયેલા ભાજપના કોર્પોરેટરો, વોર્ડ સંગઠનના પ્રમુખો અને મહામંત્રીઓ, શિક્ષણ સમિતિના સભ્યો, વિવિધ મોરચાના હોદ્દેદારો તથા કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. દિવાળીના પર્વની ખુશીઓ અને નૂતન વર્ષની શુભકામનાઓની આપ-લે સાથે યોજાયેલા આ સ્નેહમિલન કાર્યક્રમોમાં પક્ષના આગેવાનો અને કાર્યકર્તાઓ એ પરસ્પર આત્મીયતાભર્યું મિલન કર્યું હતું. સમગ્ર સુરત મહાનગરમાં એકસાથે તમામ વિધાનસભા વિસ્તારોમાં યોજાયેલા આ કાર્યક્રમોમાં ભાજપના સંગઠનના વિવિધ સ્તરના હોદ્દેદારો અને કાર્યકર્તાઓની ઉત્સાહભેર ઉપસ્થિતિ જોવા મળી હતી.

નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ સહિત વલસાડ જિલ્લાની ચારેય વિધાનસભા બેઠકો પર ધારાસભ્યોની આગેવાનીમાં ભવ્ય આયોજન: હોદ્દેદારો અને કાર્યકરોમાં અનેરો ઉત્સાહ



કમલમ્,

ગુજરાત ભારતીય જનતા પાર્ટી દ્વારા રાજ્યની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર એકસાથે દિવાળી અને નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ રાજ્યવ્યાપી અભિયાનના ભાગરૂપે વલસાડ જિલ્લાની તમામ પાંચ વિધાનસભા બેઠકો પર જેનો વિસ્તારના ધારાસભ્યોના નેતૃત્વમાં સ્નેહમિલન સમારોહનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.?

વલસાડ જિલ્લામાં વિધાનસભા મુજબ આયોજન

- પારડી વિધાનસભા: રાજ્યના નાણામંત્રી અને પારડીના ધારાસભ્ય શ્રી કનુભાઈ દેસાઈ દ્વારા વી.આઈ.એ. (VIA) ગ્રાઉન્ડ, વાપી ખાતે સ્નેહમિલન યોજાયું હતું
- વલસાડ વિધાનસભા: ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલ દ્વારા દાદિયા ફળિયા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે કાર્યક્રમ યોજાયો
- ઉમરગામ વિધાનસભા: ધારાસભ્ય શ્રી રમણભાઈ પાટકર દ્વારા સાંસ્કૃતિક હોલ, ધોડીપાડા ખાતે આયોજન કરવામાં આવ્યું
- ધરમપુર વિધાનસભા: ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલ દ્વારા આરોગ્યમ હોસ્પિટલની પાછળ, રાજમહેલ રોડ સ્થિત ગુરુકૃપા પાર્ટી પ્લોટ ખાતે સ્નેહમિલન યોજાયું
- કપરાડા વિધાનસભા: ધારાસભ્ય શ્રી જીતુભાઈ ચૌધરી દ્વારા એન. આર. રાઉત હાઈસ્કૂલ ખાતે કાર્યક્રમ સંપન્ન થયો

કાર્યક્રમની શરૂઆત માં મંચ પર ઉપસ્થિત મહાનુભાવો અને આગેવાનોનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સૌ આગેવાનો અને કાર્યકરોએ એકબીજાને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે સમગ્ર ગુજરાતની ૧૮૨ વિધાનસભા બેઠકો પર એકસાથે યોજાયેલા સ્નેહમિલન સંમેલનનું જીવંત (લાઈવ) પ્રસારણ પણ સૌએ સાથે મળીને નિહાળ્યું હતું. જિલ્લા ભરના કાર્યકરોમાં આયોજનને લઈને અનેરો ઉત્સાહ અને ઉમંગ જોવા મળ્યો હતો

ગોકુલ યુનિવર્સિટી ખાતે સિદ્ધપુર વિધાનસભા પરિવાર દ્વારા ભવ્ય નૂતન વર્ષાભિનંદન સ્નેહમિલન સમારોહ યોજાયો હતો.



કમલમ્,

ગોકુલ યુનિવર્સિટી ખાતે સિદ્ધપુર વિધાનસભા પરિવાર દ્વારા આયોજિત ભવ્ય નૂતન વર્ષાભિનંદન સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં સિદ્ધપુરના ધારાસભ્ય શ્રી બલવંતસિંહ રાજપુત ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રભારી શ્રી તરુણ ચુગજી, પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા જી, માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીજી વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા.

આ સ્નેહમિલન સમારોહમાં સંગઠનના પદાધિકારીઓ, આગેવાનો, સમર્પિત કાર્યકર્તા મિત્રો તથા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય શ્રી બલવંતસિંહ રાજપુતે સૌની સાથે આત્મીય મુલાકાત કરી નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.

આ અવસરે ઉપસ્થિત સૌને સંબોધિત કરતા ધારાસભ્યશ્રીએ સંગઠનની એકતા, કાર્યકર્તાઓના સમર્પણ અને જનસેવાના અવિરત સંકલ્પને વધુ મજબૂત બનાવવા આહ્વાન કર્યું હતું.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના સક્ષમ અને દૃઢનેતૃત્વમાં 'વિકસિત ભારત @2047'ના સ્વપ્ને સાકાર કરવા સૌએ સંગઠિત શક્તિ, સેવાભાવ અને સંપૂર્ણ નિષ્ઠા સાથે કાર્યરત રહેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. સમારોહનું વાતાવરણ સંપૂર્ણપણે ઉત્સાહ, એકતા અને નૂતન વર્ષના નવા સંકલ્પોથી ભરેલું રહ્યું હતું.સંગઠન એ આપણી શક્તિ, સેવા એ આપણો સંકલ્પ અને વિકસિત ભારત એ આપણું લક્ષ્ય

કામરેજ વિધાનસભાના નૂતનવર્ષ સ્નેહમિલનમાં આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાનો કાર્યકર્તાઓ સાથે આત્મીય સંવાદ

સરથાણા ખાતે યોજાયેલા સ્નેહમિલન સમારોહમાં સોસાયટીના પ્રમુખો, આગેવાનો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જોડાયા

સોસાયટીના પ્રમુખો અને આગેવાનોનું અભિવાદન કરી નૂતન વર્ષે પરસ્પર સહકારની ભાવના સાથે આગળ વધવા આરોગ્ય મંત્રીની અપીલ

કમલમ્,સુરત

દિવાળીના પર્વ અને નૂતનવર્ષના પ્રારંભ નિમિત્તે રાજ્યની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર યોજાયેલા ભારતીય જનતા પાર્ટીના સ્નેહમિલન કાર્યક્રમ અંતર્ગત કામરેજ વિધાનસભાનો સ્નેહમિલન સમારોહ વ્રજ ગોકુળવાડી, સરથાણા-કઠોદરા રોડ, ગઢપુર ખાતે યોજાયો હતો. જેમા રાજ્યના આરોગ્ય મંત્રી અને કામરેજના ધારાસભ્ય શ્રી પ્રફુલ પાનશેરીયાએ સોસાયટીના પ્રમુખો, આગેવાનોએ પક્ષના કાર્યકર્તાઓનું અભિવાદન કરી આત્મીય સંવાદ કર્યોહતો.

ઉપસ્થિત સૌએ દિવાળીના પર્વ અને નૂતનવર્ષની શુભકામનાઓની આપ-લે કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત કાર્યકર્તાઓ અને નાગરિકોને સામાજિક જવાબદારીનુ ભાગરૂપે અચૂક અંગદાન માટે પ્રેરણા આપવા 'અંગદાન મહાદાન'ના શપથ ગ્રહણ કરાવવામાં આવ્યા હતા. ઉપસ્થિત સૌએ સહભોજન લીધું હતું. આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ ઉપસ્થિત સોસાયટીઓના પ્રમુખો, આગેવાનો અને ભાજપના કાર્યકર્તાઓનું અભિવાદન કરતા જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની કાર્યપદ્ધતિ અને માનવતાનો અભિગમ પ્રેરણાદાયી છે. સ્નેહમિલનએ ફક્ત મનદુઃખ, જૂની વાતો ભૂલીને એકબીજાને મળવાનું અને નવા ઉત્સાહ સાથે આગળ વધવાનું માધ્યમ છે. નવી ઊર્જા, નવી આશા, ઉમંગ અને જનતાના હિત અને કલ્યાણની ભાવના સાથે નવા વર્ષનો પ્રારંભ કરવા અનુરોધ કર્યો હતો. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, શિક્ષણમંત્રી તરીકેની જવાબદારી દરમિયાન પ્રાથમિક શાળાઓના વિકાસ માટે શ્રેષ્ઠ કામગીરી કરી છે. કામરેજ વિધાનસભા વિસ્તારમાં આઠ જેટલી હાઈસ્કૂલો અને સેકન્ડરી શાળાઓના નવા પાયાઓ



કામરેજ વિસ્તારમાં ૨૮૦૦ બેડની આધુનિક હોસ્પિટલ અને અત્યાધુનિક સાયન્સ ટેકનોલોજી કોલેજનું નિર્માણ થશે : આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયા

નાખવામાં આવ્યા છે. કામરેજ વિસ્તારના વિકાસની વાત કરતાં પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, આગામી સમયમાં કામરેજ વિસ્તારમાં ૨૮૦૦ બેડની અત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ હોસ્પિટલનું નિર્માણ થનાર છે. આ ઉપરાંત અત્યાધુનિક સાયન્સ ટેકનોલોજી કોલેજનું પણ નિર્માણ થવાનું છે. જાહેર જીવનમાં કે કામગીરી દરમિયાન ક્યારેય કોઈ કાર્યકર્તા કે વિસ્તારના નાગરિકને તેમના તરફથી કોઈ ભૂલ થઈ હોય તો ધારાસભ્યએ અને રાજ્યના આરોગ્ય મંત્રી તરીકે તેમણે ક્ષમાયાચના કરી કાર્યકર્તાઓને સંગઠનની એકતા જાળવી રાખવા અને દેશના વિકાસ માટે સક્રિય રીતે આગળ વધવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન વડનગરથી વારાણસી સુધીની ૨૧ દિવસની ભાઈ૬યાત્રા પૂર્ણ કરનારા કામરેજ વિધાનસભા વિસ્તારના ૧૩ યુવાનોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્র યોગદાન અને સિદ્ધિ મેળવનાર દીકરા-દીકરીઓનું પણ સન્માન કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

માજી કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારની આગેવાનીમાં કાર્યકરો અને આગેવાનોનું સ્નેહમિલન યોજાયું



કમલમ્,બારડોલી

ભારતીય જનતા પાર્ટી – સુરત જિલ્લા અને ૧૬૮બારડોલી વિધાનસભા દ્વારા વિક્રમ સંવત ૨૦૮૨ના નૂતન વર્ષ નિમિત્તે સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. નૂતન વર્ષના મંગલમય પ્રારંભે બારડોલી વિધાનસભા પરિવાર દ્વારા ભવ્ય નૂતન વર્ષ સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. માજી કેબિનેટ મંત્રી અને બારડોલીના ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારની આગેવાની હેઠળ યોજાયેલા આ સમારોહમાં ભાજપના પ્રદેશ, સુરત જિલ્લા, બારડોલી તાલુકા અને નગર સંગઠનના હોદ્દેદારો, કાર્યકરોતેમજ મોટી સંખ્યામાં મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સૌએ એકબીજાને નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી હતી. સાથે જ ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારે પોતાના સંબોધનમાં વિરોધ પક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા. કાર્યકરો અને આગેવાનો વચ્ચે સ્નેહ, સંવાદ અને સંગઠનની ભાવનાને વધુ મજબૂત બનાવવાના હેતુથી યોજાયેલા આ સમારોહમાં સૌ કાર્યકરો, હોદ્દેદારો અને પરિવારજનો સહપરિવાર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સૌએ એકબીજાને નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સેવા, સમર્પણ અને સુશાસનનાં ૨૫ વર્ષ પૂર્ણ થવાના ગૌરવપૂર્ણ અવસરને પણ યાદ કરવામાં આવ્યો હતો.સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસના મંત્ર સાથે વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા સૌને એકજૂથ થઈને આગળ વધવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. સમારોહના આયોજક અને બારડોલીના ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારે ઉપસ્થિત તમામ કાર્યકરો, હોદ્દેદારો અને નાગરિકોને નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. પોતાના ઉદબોધન દરમિયાન તેમણે સરકારની કામગીરી અને વિકાસના મુદ્દાઓ સાથે વિરોધ પક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા. આ સ્નેહમિલન સમારોહમાં ભાજપના પ્રદેશ સંગઠન, સુરત જિલ્લા સંગઠન, બારડોલી તાલુકા અને નગર સંગઠનના હોદ્દેદારો સહિત મોટી સંખ્યામાં કાર્યકરો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.આમ, નૂતન વર્ષના અવસરે યોજાયેલા આ સ્નેહમિલન સમારોહમાં સંગઠનની એકતા, કાર્યકરોનો ઉત્સાહ અને પરસ્પરસ્નેહની ભાવનાનો જોવા મળી હતી. આ પ્રસંગે ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા તેમજ ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વર્ચ્યુઅલ માધ્યમથી કાર્યક્રમમાં જોડાયા હતા. બંને નેતાઓએ ઉપસ્થિત સૌ કાર્યકરો અને આગેવાનોને નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી હતી. સાથે જ આગામી વિધાનસભા ચૂંટણીને લઈને કાર્યકરોમાં ઉત્સાહનો સંચાર કરતા ભાજપને બહુમતી સાથે વિજય અપાવવાની આશા વ્યક્ત કરી હતી. આ સાથે સંગઠનની એકતા અને કાર્યકરોની સક્રિય ભાગીદારી પર ભાર મૂક્યો હતો.

ખેડાના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય રાજ્યમંત્રી દેવુસિંહ ચૌહાણના હસ્તે લોકમેળાનો પ્રારંભ

વૌઠા ગામમાં જોવા મળશે લોકસંસ્કૃતિ અને મેળાની અનોખી રોનક







કમલમ્,

ગુજરાતના સુપ્રસિદ્ધ લોકમેળાઓમાં આગવું સ્થાન ધરાવતા અને લોકસંસ્કૃતિનું જીવંત પ્રતીક ગણાતા વૌઠાના ઐતિહાસિક લોકમેળાનો અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના વૌઠા ગામે પવિત્ર સાબરમતી નદીના સંગમ સ્થાને ભવ્ય પ્રારંભ થયો છે. ધાર્મિક આસ્થા, વર્ષો જૂની પરંપરા, પશુપાલન અને લોકમનોરંજનનો અનોખો સંગમ ગણાતા આ મેળો ફરી એકવાર લાખો શ્રદ્ધાળુઓ અને સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો છે. તા. ૨૫ નવેમ્બર સુધી ચાલનારા આ મેળામાં લોકસંસ્કૃતિ, ભક્તિ અને મેળાની અનોખી રોનક જોવા મળશે. મેળાનો ઉદ્ઘાટન સમારોહ ખેડાના સાંસદ સભ્ય અને પૂર્વ કેન્દ્રીય રાજ્યમંત્રી દેવુસિંહ ચૌહાણના અધ્યક્ષસ્થાને વૌઠા મેળા મેદાનમાં યોજાયો હતો. આ સમારોહમાં પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, અમદાવાદ જિલ્લા પંચાયત પ્રમુખ સુરજીતસિંહ ગોહિલ, ધોળકાના ધારાસભ્ય કિરીટસિંહ ડાભી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. વૌઠાના મેળા તેના અનોખા પશુબજાર માટે સમગ્ર દેશમાં જાણીતો છે, જ્યાં ખાસ કરીને રંગબેરંગી શણગાર સજાવેલા ગદર્ભ અને ઊંટની મોટા પાયે લે-વેચ થાય છે. મેળામાં ઊભી થયેલી તંબુઓની નગરી, ચકડોળ, વિવિધ રાઇડ્સ, લોકકલાકારો, ભજનમંડળીઓ અને પરંપરાગત ખાણીપીણીના સ્ટોલ્સ ગ્રામીણ જીવનના ઉત્સાહને જીવંત બનાવે છે. શ્રદ્ધાળુઓ અને મુલાકાતીઓ સુરક્ષિત અને આનંદમય રીતે આ લોકઉત્સવનો લ્હાવો લઈ શકે તે માટે વહીવટી તંત્ર દ્વારા પણ પીવાના પાણી, સ્વચ્છતા, આરોગ્ય, સુરક્ષા વ્યવસ્થા અને વધારાની એસ.ટી. બસોનું ખાસ આયોજન કરવામાં આવ્યું છે. આ લોકમેળાના શુભારંભમાં અમદાવાદ જિલ્લા પંચાયત તેમજ ધોળકા નગરપાલિકાના પદાધિકારીઓ, અધિકારીઓ તથા સામાજિક અને રાજકીય અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor :Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028